Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

A7

શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૨૧ : અંક : ૨
ક્રમાંક : ૨૪૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

331

विषय–दर्शन

અંક :	વિષય :	લેખક :	પૃષ્ઠ.
૧.	સંમેલનની સ્મૃતિ અંગે :	પૂ. આ. શ્રી. ચંદ્રસાગરસૂરિજી :	૨૫
૨.	શિલ્પીઓની સ્ખલનાનો નિવેડો લાવો :	પૂ. પં. શ્રી કલ્યાણવિજયજી :	૨૬
૩.	જીવંત ખંડેર :	પૂ. મુ. શ્રી ચંદ્રપ્રભસાગરજી :	૨૭
૪.	'શંકરાચાર્ય'ના લેખનો પ્રત્યુત્તર :	પૂ. પં. શ્રી કનકવિજયજી :	૨૮
૫.	શ્રી. શંકરાચાર્ય વિશે સમર્થ વિદ્વાનોના અભિપ્રાયો :	સંપાદકીય :	
૬.	ક. સ. આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીની દીક્ષાકુંડલી :	પૂ. મુનિરાજ શ્રી. દર્શનવિજયજી	૩૩
૭.	દશ આશ્ચર્યો :	પ્રો. શ્રી. હીરાલાલ ર. કાપડિયા :	૩૮
૮.	કર્મમીમાંસા (લેખાંક નવમો)	શ્રી. ખૂબચંદ કેશવલાલ :	૪૩
९.	**श्री. सूरचंद्ररचित स्थूलभद्रचरित्र प्रशस्ति :**	**श्री. भंवरलालजी नाहटा :**	**४५**
१०.	**मडाहडगच्छकी कालिकाचार्य–कथा–प्रशस्ति :**	**श्री. अगरचंदजी नाहटा :**	**४७**
૧૧.	નવી મદદ.	ટાયટલ પેજ બીજું–ત્રીજું.	

નવી મદદ

૧૦૦) પૂ૦ તપસ્વી સાધ્વી શ્રીતરુણશ્રીજીના સદુપદેશથી શેઠ ચીનુભાઈ ચમનાભાઈ. **મલાડ**

૧૦૦) પૂ૦ આ૦ શ્રીવિજયસિદ્ધિસૂરીશ્વરજી મ૦ના સદુપદેશથી શેઠ સુબાજી રવચંદ, જૈન વિદ્યાશાળા. **અમદાવાદ**

૫૧) પૂ૦ આ૦ શ્રીવિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦ના સદુપદેશથી શેઠ આણંદજી મંગલજીની પેઢી. **ઈડર**

૩૦) પૂ૦ મુનિરાજ શ્રીસુમતિમુનિજીના સદુપદેશથી શ્રીજૈન સંઘ. **દેસૂરી**

૨૫) પૂ૦ મુનિરાજ શ્રીકૈલાસસાગરજી મ૦ના સદુપદેશથી શેઠ ધર્મચંદ દયાચંદ શ્રીજૈન સંઘ. **સાદડી**

૨૫) પૂ૦ આ૦ શ્રીવિજયહર્ષસૂરીશ્વરજી અને પૂ૦ આ૦ શ્રીવિજયમહેન્દ્રસૂરીશ્વરજી મ૦ના સદુપદેશથી શ્રીપંચ પોરવાલ બડી પાબડી. **શિવગંજ**

૨૫) પૂ૦ આ૦ શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મ૦ના સદુપદેશથી શ્રીચિંતામણિ પાર્શ્વનાથ ભ૦ ની પેઢી. **નવસારી**

૨૫) પૂ૦ પં૦ શ્રીભક્તિવિજયજી મ૦ અને પૂ૦ પં૦ શ્રીકીર્તિવિજયજી મ૦ના સદુપદેશથી શ્રીતપાગચ્છ અમર જૈનશાળા. **ખંભાત**

૨૫) પૂ૦ પં૦ શ્રીદાનવિજયજી મ૦ અને પૂ૦ પં૦ શ્રીભાનુવિજયજી મ૦ના સદુપદેશથી શ્રીવીરવિજયજી જૈન ઉપાશ્રય. **અમદાવાદ**

૨૫) પૂ૦ આ૦ શ્રીચંદ્રસાગરસૂરીશ્વરજી મ૦ના સદુપદેશથી શ્રીતપાગચ્છ જૈન સંઘ, **નાગપુર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)
તંત્રી : ચીમનલાલ ગોકળદાસ શાહ

वर्ष : २१	વિક્રમ સં. ૨૦૧૨ : વીર નિ. સં. ૨૪૮૧ : ઈ. સ. ૧૯૫૫	क्रमांक
अंक : २	કારતક સુદ ૧ મંગળવાર : ૧૫ નવેમ્બર	२४२

સંમેલનની સ્મૃતિ અંગે

આલેખનકાર : પૂ. આ. શ્રી. ચન્દ્રસાગરસૂરિજી, નાગપુર

O

શ્રી જૈન શ્વે૦ મૂર્તિપૂજક શ્રમણ સંઘનુ સંમેલન રાજનગરને આંગણે ભરાયાને વીસ વર્ષ થઈ ગયાં. આ **સંમેલનની સ્મૃતિ અંગે** ચતુર્વિધ સંઘની દરેકે દરેક વ્યક્તિએ કંઈ પણ કરી છૂટવું જોઈએ, કારણ કે જૈનેતરો જાણ્યે કે અજાણ્યે સમજીને કે અજ્ઞાનથી શ્રદ્ધાદિને હચમચાવી મૂકે તેવા આક્ષેપોના સબળ પ્રતિકાર કરી શકે તે હેતુથી તે શ્રમણસંઘસંમેલને 'શ્રી જૈન સત્ય પ્રકાશ' માસિક અને પ્રતિકાર કરનારા શ્રમણ ભગવંતોના નામ સાથે તે માસિકની વ્યવસ્થા માટે સમિતિની સ્થાપના કરવામાં આવી છે. આ માસિક વીશ વર્ષની સમાપ્તિ કરીને એકવીશમા વર્ષમાં પ્રવેશ કરે છે; છતાં આર્થિક સ્થિતિની મૂંઝવણ હજુ સુધી ટળી શકી નથી.

ગામ–શહેર–નગર સ્થિત–રહેલા સકલ શ્રમણ ભગવંતો અને ત્યાંના સકલ સંઘો ધ્યાનમાં રાખીને ચાતુર્માસ દરમિયાન ઓછામાં ઓછી રૂ. ૨૫) પચીસ જેવી રકમ ભેટ મોકલાવવાનું ચાતુર્માસ દરમિયાન યાદ રાખે તો દરેક વર્ષની મૂંઝવણ ટળી જાય, અને આ રકમ મોકલવી એટલે **સંમેલનની સ્મૃતિ અંગે** સૌએ સહકાર આપવો. આમ આર્થિક રકમ મોકલવાથી આર્થિક સ્થિતિ પગભર થતાં માસિક આગળનાં વર્ષોમાં કૂચ કરવા નિ:શંક ઉદ્યમ કરી શકે.

જૈન ધર્મ વિરુદ્ધમાં લખાતા લેખો, સાહિત્ય, પુસ્તક, વર્તમાન પત્રો–પછી ભલે તે માસિક, અઠવાડિક કે દૈનિક હોય; પરંતુ જે જે સ્થળે આક્ષેપો થયા હોય તેની માહિતી મેળવવા માટે અને જે જે મુદ્રિત પ્રકાશનોમાં આક્ષેપો

For Private And Personal Use Only

કરાયા હોય તે પણ બધાં પ્રકાશનોની પ્રાપ્તિ કરવામાં સમિતિને વધુ સાધન-સામગ્રી અને સંયોગોને પહોંચી વળવા માટે ચાલુ ખર્ચ કરતાં પણ વધુ આર્થિક સ્થિતિની સંગીનતાની જરૂર છે. સમિતિએ જે ઉદ્દેશથી આ માસિકને આજદિન સુધી પ્રસિદ્ધ કર્યું છે, અને હવે પછી જે ઉદ્દેશથી આગળ વધવાની મુરાદ સેવે છે તે માટે જૈન શ્વે૦ મૂર્તિપૂજક ચતુર્વિધ સંઘની દરેકે દરેક વ્યક્તિએ પછી ભલે તે સાધુ હોય કે સાધ્વી હોય શ્રાવક હોય કે શ્રાવિકા હોય તે બધાંએ તન-મન-ધનથી આ માસિક માટે યથાશક્તિ ઉદ્યમ કરી છૂટવો જોઈએ. **સંમેલનની સ્મૃતિ અંગે** દરેકે દરેક વ્યક્તિએ આર્થિક મદદ, વાંચકો વધે એવી યોજનાની સલાહ, લેખ વગેરે અર્પણ કરીને, અને સાથે સાથે જ્યાં જ્યાં શાસનવિરુદ્ધ આક્ષેપો જેવું લાગે તે સાહિત્ય **લાલ નિશાન** કરીને તરત સમિતિ પર મોકલવા આગ્રહભરી ભલામણ છે.



શિલ્પીઓની સ્ખલનાનો નિવેડો લાવો

શ્રી. નંદલાલ ચૂનીલાલ સોમપુરાએ જૈ. સ. સ. ના વર્ષ : ૨૦, અંક: ૧૨ માં 'સ્ખલનાઓની સમીક્ષાનો પ્રત્યુત્તર' શીર્ષક લેખ આપ્યો છે. એ લેખમાં જે વલણ દાખવી છે એ જોતાં સામસામે લેખો લખવાથી ચર્ચાનો અંત આવે એમ લાગતું નથી; ત્યારે વ દી-પ્રતિવાદીઓના શાસ્ત્રાર્થથી ચર્ચાનો નિવેડો લાવવો યોગ્ય જણાય છે. તેમણે પણ એવા શાસ્ત્રાર્થસભાના આયોજનની સૂચના તેમના લેખમાં કરી છે, ત્યારે વાદી તરીકે તેમણે પ્રથમ ચેલેંજ આપવાની ફરજ થઈ પડે છે.

જૈ. સ. પ્ર. ના વર્ષ : ૨૦, અંક : ૧૦ માં પ્રગટ થયેલો 'એ સ્ખલનાઓ ખરી નથી' શીર્ષક અમારો લેખ હજીયે અખંડિત હોવાનું અમે માનીએ છીએ. શ્રી. નંદલાલના 'સ્ખલનાઓની સમીક્ષાનો પ્રત્યુત્તર' શીર્ષક લેખથી એકેય મુદ્દાનો નિરાસ કે ખરો ઉત્તર મળતો નથી. આથી અમે એ જાહેર કરવું યોગ્ય ધારીએ છીએ કે, આવા વિવાદનો નિર્ણય શાસ્ત્રાર્થદ્વારા કરાવવા શ્રી. નંદલાલ ઈચ્છતા હોય તો અમે એ માટે તૈયાર છીએ.

જૈન વિદ્યાશાળા
અમદાવાદ
૩૦-૧૦-૫૫

કલ્યાણવિજય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવંત ખંડેર

લેખક : પૂ. મુનિરાજ શ્રીચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)

ખંડેરોમાં ભમી રહ્યો હતો; એમાં કોતરેલી બારીક કોરણી સૂક્ષ્મ રીતે જોઈ રહ્યો હતો. કેવી નાજુક એની કોરણી હતી! અને એનું અદ્ભુત શિલ્પ....! શિલ્પ જોતાં તો ભાવનાને ચરણે મસ્તક નમી જાય.

પણ એટલામાં પાછળથી એક ઘેરો અવાજ આવ્યો. મેં પાછા ફરીને જોયું તો કોઈ જ ન મળે. હું આગળ વધ્યો, ત્યાં ફરી અવાજ આવતો સંભળાયો. હું થંભ્યો. કોઈ કાંઈ કહેવા માગતું હતું. કોણ હતું, કયાં હતું—કાંઈ ખબર ન પડી; પણ ખોખરો અવાજ તો હજુ પણ આવી જ રહ્યો હતો. જાણે પ્રત્યેક યાત્રિકને પોતાના જીવનની દર્દકથા કહેવા ન માગતો હોય એવો એ ઘેરો અવાજ હતો:

'માનવ, આ સ્થાન એક દિવસ કેવું ભવ્ય અને સુંદર હતું!

'અહીં—આ નમેલા ઝરુખામાં આશા ભરેલા હૈયાવાળી મદમત્ત રાજકન્યાઓ બેસતી અને નેહભરી નજરથી નગરને નિહાળતી. અને નગરવાસીઓ આવે ટાણે કહેતા કે ઝરુખામાં તો શરદ પૂનમનો ચાંદ ખીલ્યો છે!

'અહીં—આ બારીક અને નાજુક શિલ્પવાળા સિંહાસન ઉપર રાજકુમારો બેસતા, અને પ્રતાપ તેમજ પરાક્રમથી સૂર્યની સામે પણ છાતી કાઢતા. પૌરજનો એમના પૌરુષને જોઈને કહેતા: ગગનનો સૂર્ય તો રાત્રે આથમી જાય છે, પણ આ તો જ્યારે જુઓ ત્યારે પ્રકાશે છે.

'અહીં—તું ઊભો છે ત્યાં—તો માનવઉત્સવ જામતો. દેશદેશના સોદાગરો આવતા; તેજસ્વી રત્નો, પ્રકાશ ઝરતા હીરા, પાણીદાર મોતી, ચીનાંશુક વસ્ત્રો લાવતા અને અમારા ખોળામાં પાથરતા.

'તે દિવસે અમે અમારી જાતને ધન્ય ધન્ય માનતા અને ગર્વ તેમજ ગૌરવથી અમે અદ્ધર થતા.

'આજ પણ એ અમે જ છીએ, જ્યાં કાગડા પણ માળા બાંધતાં ગભરાય છે અને શિયાળો પણ અંદર આવતાં ભય પામે છે.

'કાળના વિકરાળ હાથે અમને ખંડેરમાં ફેરવી નાખ્યા. અમારા દિવસો હવે આથમી રહ્યા છે. હવે અમને કોઈ મહેલ નથી કહેતું પણ ખંડેર કહે છે. અમારી જીવનસંધ્યાનો આ છેલ્લો પ્રકાશ છે. એટલે અમારે તને એક અનુભવ-વાણી કહેવી છે:'

'આ રીતે પથ્થર પર—કોતરેલું શિલ્પ નાશ પામે છે, પણ માનવહૃદય પર કોતરેલું સંયમ અને મૈત્રીનું અમર શિલ્પ કદી નાશ પામે ખરું? કાળના અનંત થર પર પણ એ કાર્ય શાશ્વત રહે છે. ભ૦ મહાવીરે માનવહૃદય પર કોતરેલું શિલ્પ આજ પણ નૂતન નથી લાગતું?

'તો મારા ભાઈ! તું પણ એવું કાંઈક કોતરજે કે જેને કાળ ન ખાય પણ એ કાળને ખાય!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'શંકરાચાર્ય'ના લેખનો પ્રત્યુત્તર

લેખક : પૂ. પંન્યાસ શ્રી. કનકવિજયજી

રાજકોટથી પ્રસિદ્ધ થતા હિંદુ ધાર્મિક માસિક **'પરમાર્થ'** ના જુન ૧૯૫૫ ના અંકમાં પેજ ૫ તથા ૬ ઉપર **'શંકરાચાર્ય'**નો એક લેખ પ્રસિદ્ધ થયો છે, જે લેખમાં લેખકનું નામ નથી, ને લખાણમાં અનેક અપ્રસ્તુત તથા અતથ્ય હકીકતો રજૂ થઈ છે; જે જૈનધર્મને અને તેના શ્રમણવર્ગને ઉતારી પાડનારી તથા ઇતિહાસના પ્રામાણિક આધાર વિનાની તેમજ અવ્યવહારુ છે. જેનો પ્રતિકાર કરવો જરૂરી માની આ લેખમાં તેનો જવાબ મેં આપ્યો છે.

પ્રસ્તુત લેખમાં લેખકે પ્રારંભમાં જે જણાવ્યું છે કે–

'શંકરાચાર્ય જ્યારે બાલક હતા ત્યારે બ્રાહ્મણો શેવડાની પ્રબળતાની બીકથી કાઈક પૂજા તથા રસોઈ કરવાને વનમાં આવ્યા હતા.'

આ હકીકત બિલકુલ મનઘડંત અને કાલ્પનિક છે. શંકરાચાર્યના સમયમાં (શેવડા એ પ્રસ્તુત લેખમાં જૈન સાધુ માટે વપરાયેલો કટાક્ષપૂર્ણ શબ્દ) જૈન સાધુઓ એવા અસહિષ્ણુ કે ધર્માંધ ન હતા કે, જેના કારણે બ્રાહ્મણોને નગર મૂકી વનમાં જવું પડે. જૈન સાધુઓએ કોઈ પણ કાળે, કોઈ પણ દેશમાં ધર્મઝનૂન વધારીને અન્ય ધર્મીઓ ઉપર આક્રમણ કર્યું હોય કે તેમ કરવા પ્રેરણા કે ઉપદેશ આપ્યો હોય એવું કદી બન્યું નથી. પ્રસ્તુત હકીકતના સમર્થનમાં કોઈ ઐતિહાસિક ઉલ્લેખ છે નહિ, કેવળ લેખકની પોતાની જ આ એક સ્વતંત્ર કલ્પના જ છે. આગળ ઉપર એ લેખમાં એ હકીકત જણાવે છે કે–

'બ્રાહ્મણો જ્યારે બાલક એવા શંકરાચાર્યને ભિક્ષા નથી આપતા ત્યારે શંકરાચાર્ય બ્રાહ્મણોને કહે છે કે ' તમે ગૌતમ મુનિને બહુ દુઃખ દીધું તેથી તેમણે જૈનમત ઉત્પન્ન કરીને તથા ફેલાવીને તમને આમ રઝળતા કર્યા.'

આ કથન શંકરાચાર્ય જેવા વિદ્વાનના મુખમાં લેખકે જે મૂક્યું છે તે તદ્દન કાલ્પનિક છે. શંકરાચાર્ય જેવા દાર્શનિક વિદ્વાન અને તે કાલના સમર્થ વેદાંતપ્રચારક આવું અસત્ય અને અનૈતિહાસિક વિધાન કરે એ કેમ માની શકાય ? અને શંકરાચાર્યે જો આવું કહ્યું હોય એમ લેખકની પાસે તેમના ગ્રંથોનું પ્રમાણ હોય તો કહેવું જોઈએ કે શંકરાચાર્યને જૈન ધર્મના પ્રામાણિક ઇતિહાસનું અલ્પ પણ જ્ઞાન નહોતું. કારણ કે 'જૈન ધર્મને ગૌતમ મુનિએ ઉત્પન્ન કર્યો જ નથી.' જૈનધર્મમાં ગૌતમ મુનિનો ઉલ્લેખ જરૂર આવે છે. પણ જૈનધર્મના આ અવસર્પિણીકાલ (યુગ)ના છેલ્લા તીર્થંકર ભગવાન શ્રીમહાવીરદેવના પ્રથમ ગણધર શ્રીઇન્દ્રભૂતિજી કે જેમનું ગૌતમ ગોત્ર હતું અને જેઓએ ભગવાન શ્રીમહાવીરદેવ પાસે દીક્ષા સ્વીકારી હતી, જેઓ તેઓના શિષ્ય તરીકે રહ્યા હતા–આ રીતે આવે છે. એના પહેલાં ત્રેવીસ તીર્થંકરો થયા હતા, તે બધા તીર્થંકરો પણ જૈનધર્મને ઉત્પન્ન કરનારા નહિ પણ જૈનધર્મના પ્રચારક તરીકે જૈનદર્શનમાં પ્રખ્યાત છે. જૈનધર્મ તો અનાદિનો છે. તેના સ્થાપક કોઈ નથી પણ તેના પ્રચારક જૈનધર્મના તીર્થંકરો છે. આ સ્પષ્ટ હકીકતને પ્રસ્તુત લેખમાં વિકૃતરૂપ અપાયું છે ને તે પણ શંકરાચાર્ય જેવા વિદ્વાનના મુખેથી એ કોઈ રીતે યોગ્ય ન કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ કરતાં વધુ કાલ્પનિક તેમજ જૈનધર્મના સાધુઓ માટે વાચકના માનસપટ પર દુર્ભાવ જાગૃત થાય અને વાચકોને જૈનધર્મ પ્રત્યે દ્વેષ પ્રગટ થાય તેવું લખાણ હવે આવે છે. પ્રસ્તુત લેખમાં આગળ વધતાં લેખક લખે છે કે–

'એકવાર તે (શંકરાચાર્ય) પાટણ કે જ્યાં શેવડાઓનું જોર વધારે હતું ત્યાં ગયા અને રાજાને ત્યાં ઊતર્યા. રાજા જો કે જૈનમતનો હતો, તો પણ તેમના (શંકરાચાર્યના) ઉપર ઘણો ભાવ રાખતો હતો. રોજ શેવડાઓની તથા શંકરાચાર્યની સભા થતી. શેવડાઓની રાજસભામાં હાર થવાથી એક દિવસ શેવડાઓએ તેમને સંસાર-વ્યવહારના સવાલ તથા કામ-વિષયના પ્રશ્નો પૂછ્યા. શંકરાચાર્ય પોતે ત્યાગી હતા, અને સંસારનો અનુભવ તેમને ન હોવાથી તે ઉત્તર આપી શક્યા નહિ.'

આમ લખીને લેખકે જણાવ્યું છે તે મુજબ–

'પાટણના રાજાએ શંકરાચાર્યને પરકાયપ્રવેશની વિદ્યાના બળે પોતાના શરીરમાં પ્રવેશ કરવાનું કહ્યું. શંકરાચાર્ય રાજાના શરીરમાં દાખલ થયાં અને રાણીઓ સાથે તેમણે ભોગવિલાસ કર્યો અને શેવડાઓને પૂર્ણ રીતે હરાવ્યા.'

આ સમગ્ર હકીકત કાલ્પનિક અને લેખકનું કેવળ અજ્ઞાનતાનું હાસ્યજનક પ્રતીક છે. પહેલી વાત એ છે કે, શંકરાચાર્ય પાટણ શહેરમાં આવ્યાનો કોઈ ઐતિહાસિક ગ્રંથોમાં ઉલ્લેખ આવતો નથી. જ્યારે '**શાંકરદિગ્વિજય**' તેમજ અન્ય તે કાલના ગ્રન્થોના આધારે આ પ્રસંગનું મૂળ કોઈ અન્ય ઘટના છે. તે આપણે વિચારીએ—શંકરાચાર્ય દિગ્વિજય કરતાં કરતાં દક્ષિણમાં કાંચી નગરીમાં મંડનમિશ્ર પંડિતની પ્રસિદ્ધિ સાંભળીને ત્યાં આવે છે. મંડનમિશ્ર મીમાંસક દર્શનનો ધુરંધર વિદ્વાન છે. શંકરાચાર્ય તેની સાથે શાસ્ત્રાર્થ કરીને તેનો પરાજય કરે છે પણ મંડનમિશ્રની વિચિક્ષણ સ્ત્રી સરસ્વતી સ્વયં–શંકરાચાર્યને પોતાની સાથે શાસ્ત્રાર્થ કરવાનું કહે છે. તે સમયે સરસ્વતી શંકરાચાર્યને કામશાસ્ત્રોના પ્રશ્ન પૂછે છે. તેમાં શંકરાચાર્યને તે વિષયનો અનુભવ ન હોવાથી તેઓ મૌન રહે છે અને છ માસની મુદ્દત માગે છે. પરિણામે પોતાની પરકાયપ્રવેશની વિદ્યાના બળે તેઓ રાજાના શરીરમાં પ્રવેશ કરી રાજાના અતઃપુરમાં જઈ કામશાસ્ત્રનો અનુભવ મેળવીને સરસ્વતીનો પરાજય કરે છે.

આ મુજબની હકીકત સ્પષ્ટ હોવા છતાં કેવળ શંકરાચાર્યની ગમે તે પ્રકારે મહત્તા સિદ્ધ કરવા દ્વારા જૈન સાધુઓને ઉતારી પાડવા માટે પ્રસ્તુત લેખમાં જે બધી કાલ્પનિક અવ્યવહારુ અને જૈનધર્મ પ્રત્યે વિદ્વેષ પ્રગટે તેવી હકીકત રજૂ થઈ છે, તે ખરેખર શોચનીય છે. શંકરાચાર્ય જેવા દાર્શનિક વિદ્વાન, ત્યાગી, અને સંસારવિમુખ જ્ઞાનીને રાજાના શરીરમાં પ્રવેશ કરીને રાજાના અંતઃપુરમાં જઈ આ બધું કરવું પડે તે પણ શું એક ત્યાગી ધર્મપ્રચારકને છાજે તેવું છે? આ સદાચાર કે અનાચાર? અનાચાર સેવીને ધર્મપ્રચારકે શાસ્ત્રાર્થમાં વિજય મેળવવો એ યોગ્ય છે? અને રાજા પોતાની સ્ત્રીઓ સાથે કામભોગ માટે શંકરાચાર્યને સંમતિ આપે—આ બધું કોઈ પણ પ્રાજ્ઞ મનુષ્યની બુદ્ધિમાં ઊતરે તેવું નથી જ.

પ્રસ્તુત ઘટનામાં પાટણ શહેર અને ત્યાંના રાજાનો પરિચય અને જૈન સાધુઓની સાથે શાસ્ત્રાર્થ—આ સમગ્ર પ્રસંગ તદ્દન ઉપજાવી કાઢેલો છે. લેખકને કદાચ કર્ણોપકર્ણ કે કોઈ અજ્ઞાન લેખકનું નિરાધાર લખાણ આ હકીકતના સમર્થનમાં મળ્યું હોય તો પણ તે કોઈ રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ સૌરાષ્ટ્રના પ્રદેશમાં ધાર્મિક તથા સાંસ્કૃતિક પ્રચારનો ઉદ્દેશ ધરાવતા 'પરમાર્થ' જેવા માસિકમાં તો ન જ રજૂ કરી શકાય! આગળ વધતાં તે લેખમાં જણાવવામાં આવ્યું છે કે—

' શેવડાઓએ એકવાર રાજાને કહ્યું કે, અમાસને દિવસે ચન્દ્રમા ઊગશે.' અને તે પ્રમાણે ચંદ્રમા ઉગાડ્યો ત્યારે શંકરાચાર્યે રાજાને કહ્યું કે 'તેમણે જાદુના ઈલમથી આકાશમાં ઢાલ ચઢાવીને ચન્દ્ર દેખાડ્યો છે." વગેરે લખીને શેવડાઓ-જૈન સાધુઓને માયાવી–જાદુઈ ઈલમ કરનારા અને મેલા આચાર–વિચારના દર્શાવ્યા છે. જે શંકરાચાર્ય પોતે ત્યાગી હોવા છતાં પરકાયપ્રવેશિની વિદ્યાના બળે રાજાના અંતઃપુરમાં જઈ વિષયોપભોગ દ્વારા વ્યભિચાર સેવે છે. છતાં એમની મહત્તાના ગુણગાન અપ્રગટપણે લેખક કરે છે. અને જૈન સાધુઓ માટે આ રીતે વાંચકોના મન ઉપર ખરાબ અસર ઉપજે તેવા પ્રસંગો કાલ્પનિક રીતે ઉત્પન્ન કરવામાં આવે છે. આ આખુંયે કથન ખરેખર સંપ્રદાયદ્વેષના વિષનું વમન જ કહી શકાય.

વાસ્તવિક રીતે પાટણ શહેરમાં શંકરાચાર્ય અને જૈન સાધુઓ વચ્ચે આવો પ્રસંગ કદી બન્યો જ નથી. કોઈ પણ પ્રામાણિક ગ્રંથમાં આવો ઉલ્લેખ આવ્યો જ નથી. ઘડીભર એમ થાય છે કે, લેખકને આમ કરવાનું પ્રયોજન શું હશે? જૈન સાધુઓને આટ-આટલા મલિન આચાર–વિચારવાળા ચિતરવામાં લેખકને શું પ્રયોજન હશે, વારુ? છતાં જૈન સાધુઓ કરતાં શંકરાચાર્યના જીવનને આ લખાણ દ્વારા લેખકે પોતાની કલમથી મલિન અને આચારહીન ચિતરેલ છે. એ તો ખરેખરે, પેટ ચોળીને શૂળ ઉત્પન્ન કર્યા જેવું લેખકને માટે બન્યું છે. લેખક આગળ લેખમાં જણાવે છે કે—

'પછી શંકરાચાર્યે એક દિવસ માયા રચી નદીમાં પૂર આણ્યું અને બધા શેવડાઓને એકઠા કરી રાજાના મહેલમાં ઉપર ચડાવી સાતમા માળ ઉપર ચઢાવી દીધા તેમજ સાતમા માળ સુધી પાણી ઊંચું ચઢાવ્યું. ત્યારબાદ એક માયાવી વહાણ બનાવ્યું અને કહ્યું કે, વહાણમાં કૂદી પડી જે બેસશે તે જીવશે અને બીજા બધા ડૂબી જશે. રાજા પોતે જાતે બેસવા ગયો, ત્યારે શંકરાચાર્યે તેને પકડી લીધો ને કહ્યું કે તમારા ગુરુને બેસવા દો, એમ કહી એક પછી એકને પડતાં મુકાવ્યાં એમ બધા શેવડાઓના એ પ્રમાણે ચૂરેચૂરા કરી નાખ્યા.'

'શંકરાચાર્ય'ના લેખકના માનસની આ કેટ–કેટલી નિકૃષ્ટ મનોદશા! ઇતિહાસમાં કે કોઈ પણ તત્કાલીન પ્રામાણિક ગ્રંથમાં જેનું નામનિશાન નથી, તેવી આ હકીકત ઉપજાવી કાઢી જૈન સાધુઓની હીનતા કરનારું લખાણ આજે વીસમી સદીના 'સર્વધર્મ સમન્વય'ના યુગમાં પ્રસિદ્ધ કરવાનું દુઃસાહસ કરવામાં આવે છે એ ખરેખર અતિશય દુઃખજનક છે. આ લખાણમાં શંકરાચાર્યની મહત્તા સિદ્ધ થાય છે કે અલ્પતા? જે શંકરાચાર્યે માયા રચી જૂઠું બોલીને પોતાના ધર્મવિરોધીઓનો વિનાશ કર્યો એ શંકરાચાર્યને કોઈ પણ ડાહ્યો વિચારક વિદ્વાન અથવા પવિત્ર પુરુષ તરીકે પણ સ્વીકારવા સમ્મત થાય? વિરોધીઓનો વિનાશ કરવામાં મહત્તા છે કે અલ્પતા? 'પરમાર્થ'ના ઉદ્દેશને અનુરૂપ આ લખાણ નથી એમ 'પરમાર્થ'ના વાચકો તથા સંચાલકો સહેજે સમજી શકશે.

જે પાટણ શહેરનો રાજા લેખકના જણાવ્યા મુજબ—'જૈન **મતનો છે' તે જ રાજાને શંકરાચાર્ય કહે છે કે 'પહેલાં તમારા ગુરુને બેસવા દો.' અને એ રાજા પોતાના ગુરુને બેસવા દે છે.'**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ બધું કેટ-કેટલું કાલ્પનિક અને અસંગત છે ? ખરી હકીકત તો એ છે કે શંકરાચાર્ય ગુજરાતના પાટણ શહેરમાં આવ્યા નથી, અને આવો કોઈ પ્રસંગ બન્યો જ નથી. શંકરાચાર્યના દિગ્વિજયનો પ્રદેશ દક્ષિણ-પૂર્વ અને ઉત્તર ભારત હતો, અને મુખ્યત્વે તેમણે તે તે પ્રદેશોમાં કેવળ રાજ્યાશ્રય મેળવીને બૌદ્ધોની સામે આંદોલનો ઊભાં કરી તેમના ઉપર વિજય મેળવી હિંદુ રાજ્યોની સહાયથી બૌદ્ધોને ભારત બહાર કાઢી મૂક્યા છે, એમ તેમના વિષેના ચરિત્રગ્રંથોમાં ઉલ્લેખ આવે છે.

આમ ઐતિહાસિક ઘટના હોવા છતાં 'પરમાર્થ'ના લેખકને તત્કાલીન ઇતિહાસનું કશું જ જ્ઞાન નહિ હોવાથી બૌદ્ધોને સ્થાને શેવડા-જૈન સાધુઓને મૂકીને સમગ્ર લેખમાં સ્થાને-સ્થાને કેવળ પોતાની અજ્ઞાનતા તથા જૈન ધર્મ પ્રત્યેનો સંપ્રદાય દ્વેષ વમ્યો છે. 'પરમાર્થ' જેવા સર્વ આસ્તિક ધર્મ-દર્શનોના ત્યાગ, વૈરાગ્ય ભક્તિ, જ્ઞાન, ઇત્યાદિ તત્ત્વોનો સમન્વય કરી, આજના મોહ-મૂઢ, અજ્ઞાન જીવોને સદ્બોધનો સંદેશ આપતા માસિકમાં આવા કલહકારી, કોઈ પણ ધર્મ સંપ્રદાય પ્રત્યે દ્વેષ વધારનારાં લખાણો ન જ પ્રગટ થવાં જોઈએ; એમ મારે તેના સંચાલકોને સ્પષ્ટ રીતે જણાવવું જોઈએ.

આશા છે કે 'શંકરાચાર્ય' લેખના લેખક પોતાની મહાન ક્ષતિઓને સમજી પોતાની અજ્ઞાન જન્ય સ્ખલનાઓનું પરિમાર્જન કરે, અને ફરી આવું કલહકારી લખાણ લખવાનું દુઃસાહસ ન કરે. તેમજ 'પરમાર્થ'ના સંચાલકો પોતાના માસિકમાં પ્રસિદ્ધ થયેલા આ લેખને અંગે પોતાનું કર્તવ્ય સમજી આ પ્રત્યુત્તરને યોગ્ય સ્થાન આપી, પોતાની ક્ષતિઓને સુધારશે ?

તા. ક. 'પરમાર્થ' માસિકમાં પ્રસિદ્ધ કરવા માટે આ લેખ તા. ૯-૯-૫૫ના મોકલેલ **છે. છતાં** હજુ તે પ્રસિદ્ધ થયો નથી

[અનુસંધાન પૃષ્ઠ : ૩૨ થી ચાલુ]

[૨]

અલાહાબાદનિવાસી મહામહોપાધ્યાય પં. ગંગાનાથ એમ. એ.ડી. એલ એલ. લખે છે કે—

> **"જ્યારથી મેં શંકરાચાર્યદ્વારા કરાયેલા જૈન સિદ્ધાતનું ખંડન વાંચ્યું ત્યારથી જ મને વિશ્વાસ બેસી ગયો કે આ સિદ્ધાંતમાં ઘણું ઘણું છે, જેને વેદાંતના આચાર્યો સમજ્યા નથી અને હજી સુધી જેટલો જૈનધર્મને (તેમના જ ગ્રંથો દ્વારા) જાણી શક્યો છું તેટલાથી મારો એ વિશ્વાસ દૃઢ થઈ ગયો છે કે તેઓ (શંકરાચાર્ય) જૈનધર્મને તેના મૂળ ગ્રંથોમાં જોવાનું કષ્ટ ઉઠાવત તો તેમને જૈનધર્મ સાથે વિરોધ કરવાની કોઈ પણ વાત ન મળત.**

આમ છતાં 'પરમાર્થ' માસિકના સંચાલકો અને 'શંકરાચાર્ય'ના લેખકે આવા લેખોદ્વારા હિંદુધર્મનો શો પરમાર્થ કરવા ધાર્યો છે એ તો તેઓ જાણે, પણ આવા લેખો આજના વિજ્ઞાન અને ઐતિહાસિક યુગની કસોટીમાં કેવળ હાસ્યાસ્પદ લાગ્યા વિના ન જ રહે. હા, જનતાને અંધશ્રદ્ધાના વમળમાં ફસાયેલી રાખવા માટે જ તેમનું આ લખાણ હોય તો અમારો એ સામે પ્રતિવાદ નથી પરંતુ જિજ્ઞાસુ વર્ગમાં તો દર્શન, ઇતિહાસ અને લેખનશૈલીથી શૂન્ય આવા લેખોથી શંકરાચાર્ય જેવા વિદ્વાનની મહત્તા પ્રગટ થાય એમ અમે માનતા નથી. આવી અનધિકાર ચેષ્ટા કરવા પહેલાં 'પરમાર્થ'ના સંચાલકો અને 'શંકરાચાર્ય'ના લેખક જૈનધર્મના ગ્રંથોનું અધ્યયન કર્યા પછી જ કંઈ પણ લખવા પ્રવૃત્તિ કરે એ ઇચ્છનીય ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી. શંકરાચાર્ય વિશે બે સમર્થ વિદ્વાનોના અભિપ્રાયો

(સંપાદકીય)

'પરમાર્થ' માસિકમાં પ્રગટ થયેલ 'શંકરાચાર્ય' શીર્ષક લેખ વિશે આ અંકમાં જ પૂ. પં. શ્રીકનકવિજયજી ગણિવર્યે તેની અનૈતિહાસિક અને અવ્યવહારુ હકીકતોનો સચોટ પ્રત્યુત્તર આપ્યો છે એટલે એ વિશે વધુ ન જણાવતાં 'પરમાર્થ'ના સંચાલકો અને 'શંકરાચાર્ય'ના લેખકને અમે શ્રી. શંકરાચાર્ય વિશે હિંદુધર્મના સમર્થ દાર્શનિક વિદ્વાનોના અભિપ્રાયો તરફ પણ ધ્યાન આપવા સૂચવીએ છીએ.

અલબત્ત, શ્રી શંકરાચાર્ય વેદાંત ધર્મના અદ્વૈતવાદના મહાન પુરસ્કર્તા તરીકે દાર્શનિક જગતમાં જાણીતા છે; પરંતુ અદ્વૈતવાદનું સમર્થન કરતાં તેમણે છયે દર્શનો સામેના પ્રતિવાદમાં જે પ્રતિભા બતાવી છે તેની તુલનામાં સ્યાદ્વાદ મત સામેના પ્રતિવાદમાં તો તેઓ હતપ્રભ થયેલા જોવાય છે.

શ્રી. વેદવ્યાસે રચેલા 'બ્રહ્મસૂત્ર'ના **नैकस्मिन्नसंभवात्** (પુ૦ ૨, પ્ર૦ ૨, સૂ૦ ૩૩) ઉપર શ્રી. શંકરાચાર્યે જે ભાષ્ય રચ્યું છે તેમાં સ્યાદ્વાદ સિદ્ધાંતનું ખંડન કરવા તેમણે કલમ તો ઉઠાવી છે પણ એ ખંડન સ્યાદ્વાદના મંતવ્યનું મૂલગામી નથી. વસ્તુતઃ શ્રી. શંકરાચાર્યે સ્યાદ્વાદ જેવા ગહન સિદ્ધાંતનું ઊંડું અવગાહન કર્યું હોય એમ લાગતું નથી. એ વિશે અમે કંઈ પણ જણાવીએ એ કરતાં હિંદુધર્મના સમર્થ દાર્શનિક વિદ્વાનોએ શંકરાચાર્યે કરેલ સ્યાદ્વાદ સિદ્ધાંતના ખંડન માટે આપેલા બે અભિપ્રાયો જ અહીં પ્રસ્તુત કરીએ છીએ.

[૧]

કાશી–હિંદુ વિશ્વવિદ્યાલયના દર્શનશાસ્ત્રના મુખ્ય આચાર્ય શ્રીયુત ફણિભૂષણ અધિકારી એમ. એ. લખે છે કે–

"સ્યાદ્વાદનો સિદ્ધાંત ઘણો જ મહત્ત્વપૂર્ણ અને આકર્ષક છે. આ સિદ્ધાંતમાં જૈનધર્મની વિશેષતા સ્પષ્ટ થાય છે. આ 'સ્યાદ્વાદ' જ જૈનધર્મની અદ્વિતીય સ્થિતિ પ્રકટ કરે છે. છતાં કેટલાકોને 'સ્યાદ્વાદ' એ ગૂઢ શબ્દ માલૂમ પડે છે અને કેટલાક તેને હાસ્યાસ્પદ સમજે છે. પરંતુ જૈનધર્મમાં આ એક શબ્દ દ્વારા જે સિદ્ધાંત ઝળકી રહ્યો છે એને ન સમજવાથી જ કેટલાક લોકોએ તેનો ઉપહાસ કર્યો છે. આ અજ્ઞાનતાના કારણથી જ કેટલાક લોકોએ તેમાં દોષો તેમજ ભિન્ન ભિન્ન અર્થોનું આરોપણ કર્યું છે. હું તો ત્યાં સુધી કહેવાનું સાહસ કરું છું કે– **વિદ્વાન શંકરાચાર્ય સમાન પુરુષ પણ આ દોષથી બચી શક્યા નથી. તેમણે પણ આ સ્યાદ્વાદ ધર્મ પર અન્યાય કર્યો છે. સાધારણ યોગ્યતાવાળો જો આવી ભૂલ કરે તો તે માફ કરી શકાય પરંતુ મને સાફ કહેવા દેવામાં આવે તો હું કહીશ કે—'ભારતના એવા મહાન વિદ્વાન માટે આવો અન્યાય અક્ષમ્ય છે.' જો કે હું આ મહર્ષિને ખૂબ આદરભરી દૃષ્ટિએ જોઉં છું છતાં મારે એ સાફ કહેવું પડે છે કે—તેમણે 'વિવસન સમય' અર્થાત્ 'નગ્ન લોકોનો સિદ્ધાંત' એવું અનાદરસૂચક નામ જૈનધર્મનાં શાસ્ત્રો માટે આપ્યું છે તે કેવળ જૈન ગ્રંથોનું અધ્યયન ન કરવાનું જ પરિણામ છે.**

(જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૩૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કo સo આo શ્રીહેમચંદ્રસૂરીશ્વરજીની

દીક્ષા-કુંડલી

લેખક : પૂo મુનિરાજ શ્રીદર્શનવિજયજી (ત્રિપુટી) સરચના

કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજીનું ચરિત્ર અનેક ગ્રંથોમાં વિવિધ રીતે મળે છે. તેમાં તેઓના દીક્ષાસમય માટે ઉલ્લેખો પણ મળે છે પરંતુ એ ઉલ્લેખો એવી શૈલીથી રજુ થયા છે કે–સામાન્ય પાઠક તો સહેજે શંકામાં જ પડી જાય. આ કારણે પૂ. આચાર્યદેવની દીક્ષા–કુંડલી માટે આજે વિસંવાદ ઊભો થયો છે.

તેઓની દીક્ષા–કુંડલી માટે નીચે મુજબ ખાસ બે ઉલ્લેખો મળે છે:—

माघे सितचतुर्दश्यां, ब्राह्मे धिष्ण्ये शनेर्दिने। धिष्ण्ये तथाष्टमे धर्म–स्थिते चन्द्रे वृषोपगे ॥३१॥
लग्ने बृहस्पतौ शत्रु–स्थितयोः सूर्यभोमयोः ॥३२॥

સં. ૧૧૫૫માં મહા શુદિ ૧૪ બ્રાહ્મ ધિષ્ણ્યમાં, શનિના વારમાં, આઠમા ધિષ્ણ્યમાં, ધર્મના વૃષના ચંદ્રમામાં (ચાંદ્રમાં), ગુરુવાલા લગ્નમાં અને રવિ મંગલ છઠ્ઠાસ્થાનમાં.

—(આ. પ્રભાચંદ્ર કૃત–પ્રભાવક ચરિત્ર પ્ર. ૨૨, સં. ૧૩૩૪)

अथ श्रीवर्धमानस्य, प्रासादे सादितांहसि। माघमासस्य धवले, पक्षे चतुर्दशेऽहनि॥१६१॥
रोहिण्यां शनिवारे च, रवियोगे त्रयोदशे। सप्तग्रहबलोपेते, वृषलग्ने शुभेंशके ॥१६२॥

ભગવાન શ્રીમહાવીરસ્વામીના દેરાસરમાં મ. શુ. ૧૪, શનિવાર, રોહિણી, તેરમો રવિયોગ, વૃષભલગ્ન, શુભઅંશ, અને બલવાન સાત ગ્રહો હતા ત્યારે.

—(આ. જયસિંહ કૃત–કુમારપાલચરિત્ર મહાકાવ્ય, સં. ૧૪૨૨)

ઉપર મુજબ બે ઉલ્લેખો દીક્ષા માટે મળે છે. હવે જ્યોતિષના હિસાબે વિચારીએ તો તેમાં સામાન્ય રીતે નીચે મુજબ વિરોધ ઊઠી શકે છે.

(૧) અહીં બ્રાહ્મ અને આઠમું એમ બે નક્ષત્રો બતાવ્યાં છે. કોઈ પણ એક નક્ષત્ર હોવું જોઈએ.

(૨) મહા શુદિ ૧૪ ને દિવસે રોહિણી નક્ષત્ર હોય જ નહીં.

(૩) મહા મહિનામાં ધનિષ્ઠાનો અને કુંભનો સૂર્ય હોય છે, તેથી તેરમો રવિયોગ પુષ્ય નક્ષત્રમાં આવે, રોહિણીમાં ૧૩મો રવિયોગ ન થાય.

(૪) શુદિમાં તેરશે કે કદાચ ચૌદશે તેરમો રવિયોગ બને છે.

(૫) મહા શુદિ ૧૪ ને દિવસે પુષ્ય નક્ષત્ર હોય પણ તેમાં વિવાહ તથા દીક્ષાનો નિષેધ છે.

(૬) ધિષ્ણ્યનો અર્થ નક્ષત્ર થાય છે. કદાચ ધિષ્ણ્યનો અર્થ મુહૂર્ત કલ્પવામાં આવે તો દિવસે ૮મું મુહૂર્ત અભિજિત અને ૯મું મુહૂર્ત રોહિણી છે. રાતે ૮મું મુહૂર્ત રોહિણી, ૧૯મું પુષ્ય અને ૨૯મું બ્રાહ્મ મુહૂર્ત આવે છે. પરંતુ ધિષ્ણ્યનો અર્થ મુહૂર્ત લેવા માટે પ્રમાણ જોઈએ.

(૭) વૃષભનો ચંદ્ર લગ્નમાં હોય પણ લગ્નનો ચંદ્ર દીક્ષામાં નેષ્ટ મનાય છે.

(૮) ચંદ્ર લગ્નમાં અને ધર્મમાં એમ બે સ્થાને હોય નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૯) મહા શુદિ ૧૪ રોહિણી નક્ષત્ર ન હોય, તેમ વૃષભનો ચંદ્ર પણ ન હોય.

(૧૦) છઠ્ઠા સૂર્યના હિસાબે ચંદ્ર લગ્નમાં કે ધર્મસ્થાનમાં આવે નહીં.

(૧૧) શુક્રનો વાર, રાશિ, લગ્ન, દૃષ્ટિ અને નવાંશ દીક્ષામાં નેષ્ટ મનાય છે.

(૧૨) **स्थिराश्चापि वृषं विना ॥ २१ ॥**

દીક્ષામાં સ્થિર લગ્ન લેવું પણ વૃષભ લગ્નનો ત્યાગ કરવો (—આરંભસિદ્ધિ)

(૧૩) વૃષભ લગ્ન હોય ત્યારે કુંભનો સૂર્ય છઠ્ઠે સ્થાને આવે જ નહીં.

ઇતિહાસવિદો કહે છે કે—આવા આવા વિરોધો ઊભા હોય એ કુંડલીને સાચી કેમ માનવી ? એટલે પ્રથમ આનું સમાધાન મેળવવું જરૂરી છે.

કોઈ કોઈ વિદ્વાને તેના સમાધાન માટે પ્રયત્ન કરેલ છે. જેનો સાર નીચે મુજબ છે.—

(૧) સમાધાન

પૂ. પંન્યાસજી શ્રી કલ્યાણવિજયજી મ. જણાવે છે કે—**माघे सितचतुर्दश्यां ब्राह्मे धिष्ण्ये शनेर्दिने**—મહા શુદિ ૧૪ શનિવાર અને રોહિણી નક્ષત્રમાં.

धिष्ण्ये तथाष्टमे—આઠમા વિજય મુહૂર્તમાં. અહીં આઠમું પુષ્ય નક્ષત્ર લેવાનું નથી, અહીં આઠમું પુષ્ય નક્ષત્ર વર્જિત છે, અને શનિ પુષ્યનો યોગ પણ સાથે હોતો નથી. જ્યારે શનિ રોહિણીનો ત્રિક યોગ સાથે બને છે. એટલે અહીં આઠમું મુહૂર્ત સમજવું, તે સમયે ચૌદેક ઘડી જતાં વૃષ લગ્નનો વૃષ નવમાંશ આવે છે જે વર્ગોત્તમ છે.

धर्मस्थिते—" ધર્મ એવા આઠમા મુહૂર્તમાં. "

અહીં " ચંદ્રમા ધર્મસ્થાનમાં રહે છતે " એવો સીધો અર્થ થાય પણ એ અર્થ અહીં લેવો નહીં.

चन्द्रे वृषोपगे लग्ने बृहस्पतौ—વૃષ લગ્નમાં ચંદ્ર અને ગુરુ રહે છતે.

शत्रु स्थितयोः सूर्यभोमयोः—વૃષ લગ્ન લઈએ તો છઠ્ઠે સ્થાને કુંભનો સૂર્ય આવે નહીં માટે આ પાઠ અશુદ્ધ લાગે છે. તેને બદલે—**शून्यस्थितयोः सूर्यबुधयोः** આવો પાઠ હોવાનું કલ્પી લઈએ તો સૂર્ય અને મંગળ દશમા સ્થાનમાં હતા ત્યારે એવો અર્થ થાય.

આ પાઠમાં " બાકીનાં બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુનાં સ્થાન બતાવ્યાં નથી. "

रवियोगे त्रयोदशे—તે દિવસે ધનિષ્ઠાનો સૂર્ય છે તેથી રોહિણીમાં તેરમો ન થાય, એટલે " તેરમો રવિયોગ હોવા સંભવ નથી " " તેરમો તો નહીં પણ નવમો રવિયોગ તે દહાડે હતો. "

सप्तग्रहबलोपेते—તે વખતે મીનનો શનિ, તુલાનો રાહુ, મેષનો કેતુ, મીનનો બુધ, મકરનો શુક્ર હતા, એમ સમજવું. અહીં ૩૫–૩૬ શ્લોકનો પાઠ પણ તૂટે છે.

—(પ્રભાવક ચરિત્ર, પ્રબંધ–પર્યાલોચન, પૃ. ૯૫–૯૬–૯૭)

પૂ. પંન્યાસજી મહારાજનું આ સમાધાન તાર્કિક સમાધાન છે, પણ તે શંકાને દૂર કરવાને બદલે શંકાને વધારે છે. કેમકે –ગણિતથી તો મ. શુ. ૧૪ ને દિવસે રોહિણી નક્ષત્ર, વૃષનો ચંદ્ર અને ૯મો રવિયોગ કદાપિ આવે જ નહીં. છતાં અહીં રોહિણી નક્ષત્રને જ પ્રધાનતા આપી છે અને એના જ આધારે ત્રણ–ચાર પાઠોને જૂઠા માનવાની હદે જવું પડયું છે. તેમજ **चन्द्रे वृषोपगे लग्ने बृहस्पतौ** આવો ક્લિષ્ટ પાઠ ઊભો કરવો પડયો છે, આટલો ફેરફાર કરવા છતાંય પૂરી દીક્ષાકુંડલી તો ઊભી થતી જ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુષ્ય નક્ષત્ર દીક્ષામાં વર્જ્ય મનાય છે એ વાત સાચી છે. પરંતુ તે બીજા કામોમાં સર્વોત્તમ મનાય છે. પુષ્ય નક્ષત્ર કામવર્ધક હોવાથી લગ્ન અને દીક્ષામાં ગ્રાહ્ય મનાતું નથી પણ કામવિજેતાને પુષ્ય અનુકૂળ બની જાય એ સ્વાભાવિક છે. તેથી આ. રત્નશેખરસૂરિએ 'દિન-શુદ્ધિ–પ્રકરણ'માં પુષ્યમાં દીક્ષા દેવાની આજ્ઞા આપી છે. ગણિતથી તપાસીએ તો મહા શુદિ ૧૪ ને દિવસે પુષ્ય નક્ષત્ર, વૃષભનો ચંદ્ર અને ધનિષ્ઠાના સૂર્યથી પુષ્યનો ૧૩મો રવિયોગ એ પંચાંગસિદ્ધ વસ્તુ છે. શનિ–પુષ્યનો મિત્રયોગ થાય છે તે પણ ઉત્તમ છે, જ્યારે તે દિવસે રોહિણી નક્ષત્ર, વૃષનો ચંદ્ર અને ૯મો રવિયોગ એ તો કલ્પના જ છે. અને તે રોહિણી નક્ષત્રના આધારે ઊભી કરેલી દીક્ષાકુંડલી નિષ્ફળ બની જાય છે. એટલે આ સમાધાન સર્વ-માન્ય થાય એવું નથી.

(૨) સમાધાન

પંન્યાસજી શ્રી. ધુરંધરવિજયજી મ૦ જણાવે છે કે—**माघे सितचतुर्दश्यां**—મહાસુદિ ૧૪ને દિવસે. **ब्राह्मे धिष्ण्ये**—નવમા રોહિણી મુહૂર્તમાં. **शनेर्दिने**—શનિવારે. **धिष्ण्ये तथाष्टमे**—આઠમા પુષ્ય નક્ષત્રમાં.

'દિનશુદ્ધિ પ્રકરણ'માં પુષ્ય નક્ષત્રમાં દીક્ષા દેવાનું વિધાન છે. તે નક્ષત્ર ધનિષ્ઠાથી ૧૩મું છે, એટલે તે દિવસે પુષ્યનો ૧૩મો રવિયોગ થાય છે, પરંતુ "ધનિષ્ઠાના સૂર્યને રોહિ-ણીના ચંદ્ર સાથે ૧૩મો રવિયોગ કોઈ રીતે બની શકે નહીં." "મહાશુદિ ૧૪ને દિવસે રોહિણીને ૧૩મો રવિયોગ એ બે એક બીજાનો વિરોધ બતાવે છે."

रवियोगे त्रयोदशे—"પુષ્ય નક્ષત્ર લેતાં ધનિષ્ઠાના સૂર્યથી ૧૩મો રવિયોગ **ઘટે છે.**" "મહા શુદિ ૧૪ના દિવસે રોહિણી નક્ષત્ર ન હોય, ધનિષ્ઠાની સાથે રોહિણીનો નવમો રવિયોગ થાય એટલે ૧૩મો રવિયોગ ન ઘટે."

धर्मस्थिते चन्द्रे—ધર્મ શબ્દથી ૯મું સ્થાન લેવાય છે, વૃષનું લગ્ન અને કર્કનો ચંદ્ર હોય ત્યારે ૯મા સ્થાને ચંદ્ર ન હોય.

ધર્મ શબ્દનો અર્થ **साधुता** પણ થાય છે, જેનો સંબંધ ત્રીજા સ્થાન સાથે છે એ હિસાબે અહીં ત્રીજા સ્થાનનો ચંદ્ર એવો કરવો.

धर्म स्थिते ને બદલે **धर्मदृश्ये** એવો પાઠ કલ્પી લઈએ તો ૯મા સ્થાનથી પૂર્ણ દૃષ્ટિવાળા સાતમા સ્થાનમાં એટલે ત્રીજા ભવનમાં ચંદ્ર હતો એવો અર્થ ઘટાવી શકાય.

धर्मस्थिते ને બદલે **हर्म्यस्थिते** કે **धामस्थिते** એવો અર્થ કલ્પીએ તો **स्वगृहि-चंद्र** કર્કનો ચંદ્ર એવો બંધબેસતો અર્થ થાય. પણ અહીં ચંદ્રનું ત્રીજું સ્થાન સમજવું.

वृषोपगे लग्ने—વૃષભ લગ્નમાં. **वृषलग्ने शुभेंशके**—વૃષ લગ્નના શુભ અંશમાં જ્યારે રોહિણી મુહૂર્તનો સમય પણ હોય છે.

लग्ने बृहस्पतौ—વૃષલગ્નનો ગુરુ હતો.

शत्रुस्थितयोः सूर्यभोमयोः—રવિ અને મંગળ એ બન્ને પોતાના શત્રુ શનિગ્રહના ઘરમાં કુંભમાં હતા. કેમકે શુક્ર અને શનિ એ બન્ને ગ્રહો રવિ અને મંગળના શત્રુ છે.

આમાં બુધ, શુક્ર, રાહુ અને કેતુનાં સ્થાનો બતાવ્યાં નથી.

(શ્રીહૈમદીક્ષા મુહૂર્ત મીમાંસા, જૈન સત્ય પ્રકાશ ક્ર૦ ૧૩૪)

For Private And Personal Use Only

પંન્યાસજી મહારાજનું આ સમાધાન પણ છણાવીણુ સાથે રજુ કરાયેલ છે. પરંતુ એથીય શંકાનું પૂરું નિરસન થતું નથી. કેમકે **धर्मस्थिते धिष्ण्ये** તથા **[illegible]स्थितयोः** ના અર્થમાં કલ્પનાની પ્રધાનતા છે. તેમજ પૂરી દીક્ષાકુંડલી પણ ઊભી થતી નથી. એટલે આ સમાધાન આખરી સમાધાનનું સ્થાન લઈ શકે તેમ નથી.

(૩) સમાધાન

ક૦ સ૦ આ૦ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ જગતને 'પરિશિષ્ટપર્વ'માં બહુમૂલો ઇતિહાસ આપ્યો છે. આ૦ પ્રભાચંદ્રસૂરિએ 'પ્રભાવકચરિત્ર'માં તેની પછીની કડી જોડી દીધી છે. આ૦ પ્રભાચંદ્રસૂરિની બુદ્ધિ જેમાં ખૂબ ચમકે છે.

તેઓએ આ૦ હેમચંદ્રસૂરીશ્વરજીની દીક્ષાકુંડલી બે શ્લોકોમાં રજુ કરી છે, જેમાં તિથિ, વાર, નક્ષત્ર, લગ્ન, અને ૭ ગ્રહોનાં સ્થાન ચોક્કસ રીતે જણાવ્યાં છે. પણ ખુબી એ છે કે તેઓએ તે રજુઆત શ્લોકમાં દ્વિઅર્થી શબ્દો ગોઠવીને કરી છે. આથી અલ્પજ્ઞ વાચક તેના હાર્દને પકડી શકતો નથી અને પાઠભેદ કે અર્થભેદના વમળમાં પડી નવનવી કલ્પના કરવા મંડી પડે છે.

વાસ્તવિક રીતે જોઈએ તો એવી કલ્પના કરવાની જરાય જરૂર નથી. તેમણે પોતાના શ્લોકોમાં જે જે વસ્તુ દર્શાવી છે તે અવિસંવાદ છે, જે પરિશીલન કરવાથી સ્પષ્ટ થાય છે.

આ૦ જયસિંહસૂરિએ 'કુમારપાળ મહાકાવ્ય'માં 'પ્રભાવકચરિત્ર'નો આધાર લીધો છે. પરંતુ તેઓએ **ब्राह्मे धिष्ण्ये** ને સ્થાને **रोहिण्यां** અને **शनेर्वारे** ને સ્થાને **शनिवारे** શબ્દ ગોઠવ્યો છે. એટલે દરેક વાતે મોટો ફરક પડી ગયો. 'પ્રભાવકચરિત્ર'ના દ્વિઅર્થી શ્લોકો સમજવામાં આવતાં આ વાત પણ સહેજે સમજાય તેવી છે.

એકંદરે આ૦ હેમચંદ્રસૂરીશ્વરજીની દીક્ષાકુંડલી આ૦ પ્રભાચંદ્રસૂરિના શબ્દોમાં નીચે મુજબ સુરક્ષિત મળે છે.

माघे सितचतुर्दश्यां—મહા શુદિ ૧૪ના દિવસે.

(અહીં સંભવ છે કે—સવારે ઉદય ૧૩ હોય અને દીક્ષા સમયે ૧૪ હોય એટલે મુહૂર્તની સૂક્ષ્મતાના હિસાબે ૧૪ લખી હોય.)

ब्राह्मे धिष्ण्ये शनेर्दिने—શનિનો વાર અને શનિગ્રહના રોહિણી ચારમાં એટલે કે શનિવારે તથા વૃષભનો શનિ હતો ત્યારે. અહીં વાર અને શનિનું સ્થાન એ બે વાતો સ્પષ્ટ કરી છે.

धिष्ण्ये तथाष्टमे—આઠમા નક્ષત્રમાં તેમજ આઠમો શુક્ર રહેતાં. એટલે પુષ્ય નક્ષત્રમાં કર્કનો ઉચ્ચ ચંદ્ર હતો અને મૃત્યુ ભવનમાં શુક્ર હતો ત્યારે.

धर्मस्थिते चांद्रे वृषोपगे—વૃષનો બુધ ધર્મમાં રહેતાં.

એટલે કે—ચંદ્રનો પુત્ર બુધ વૃષરાશિનો (ધર્મરાશિનો) અને નવમા ધર્મ ભવનમાં હતો ત્યારે પુષ્યનો ચંદ્ર કર્કમાં ઉચ્ચનો છે. ફરી તેના નિર્દેશની જરૂર રહેતી નથી. અને કુંડલીમાં બુધ માટે બીજું સૂચન નથી. અહીં બુધને જ ચાંદ્ર શબ્દથી લીધો છે. લેખનદોષથી **चांद्र** ને સ્થાને **चंद्र** શબ્દ બની જાય એ સ્વાભાવિક છે. નવમું ધર્મભવન છે. વૃષનો અર્થ પણ ધર્મ છે. તેની સાથે બુધનો સંબંધ બતાવવો છે એ રીતે અહીં નવમા સ્થાનમાં વૃષ રાશિ અને બુધ બતાવ્યા છે. એના આધારે કુંડલીનાં દરેક ભવનો તથા દરેક રાશિઓ

Shri Mahavir Jain Aradhana Kendra　www.kobatirth.org　Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યવસ્થિત થઈ જાય છે. એ હિસાબે ગોરજ સમયનું કન્યાનું લગ્ન આવે છે.

लग्ने बृहस्पतौ—લગ્નનો ગુરુ રહેતાં. એટલે કે—લગ્નમાં ગુરુ હતો ત્યારે.

જો કે અહીં ગુરુની રાશિ બતાવી નથી પણ નવમા ભવનમાં વૃષનો બુધ અને છઠ્ઠા ભવનમાં કુંભનો રવિ, એ બન્નેના હિસાબે કન્યાનું લગ્ન આવે છે. ગુરુ લગ્નમાં છે તો લગ્નમાં કન્યાનો ગુરુ આવે છે.

शत्रुस्थितयोः सूर्यभौमयोः:—સૂર્ય અને મંગળ શત્રુભવનમાં રહેતાં. એટલે કે છઠ્ઠા શત્રુભવનમાં સૂર્ય અને મંગળ હતા ત્યારે.—(પ્રભાવકચરિત્ર)

ઉપર દર્શાવેલ ગ્રહસ્થાનોના આધારે નીચે મુજબ દીક્ષાકુંડલી બને છે.



અહીં દરેક ગ્રહો શુદ્ધ સ્થાનમાં છે:

ગુરુ—લગ્નમાં છે તે સર્વોત્તમ છે.

રવિ તથા મંગળ—શત્રુના સ્થાનમાં અને શત્રુના ઘરમાં છે તે સર્વ કામમાં વિજય સૂચવે છે, અને ઉગ્રતાનો અભાવ સૂચવે છે.

શુક્ર—નબળા સ્થાનમાં છે. દીક્ષામાં બલવાન શુક્ર વ્યામોહકર મનાય છે. તે અહીં નબળો છે. એટલે શુદ્ધ સમ્યક્ત્વગુણમાં અને ચારિત્રધર્મમાં વ્યામોહનો અભાવ સૂચવે છે.

બુધ તથા શનિ—ધર્મસ્થાનમાં છે. ધર્મરાશિમાં છે. તે આદર્શ કવિત્વને તથા આદર્શ ચારિત્રબળને સૂચવે છે.

ચંદ્ર—આર્યભવનમાં છે, સ્વગૃહી ચંદ્ર છે, તે સર્વોદયને સૂચવે છે.

કો૦ આ૦ શ્રી હેમચંદ્રસૂરીશ્વરની આ દીક્ષાકુંડલી છે.

આવા યોગવાળો પુરુષ પ્રગટપ્રભાવશાળી, સાચો ત્યાગી, પ્રકાંડ જ્ઞાની, અને અદ્વિતીય મહાત્મા બને એ સહજ છે.

આ૦ પ્રભાચંદ્રસૂરિએ આ રીતે 'પ્રભાવકચરિત્ર'માં પૂર્ણાંગ દીક્ષાલગ્નકુંડલી આપી છે. એમાં કોઈ જાતની ગડબડ નથી, ત્રૂટિ નથી. વિદ્વાનોની ફરજ છે કે—ખૂબ પરિશીલન કરે, વાસ્તવિક સત્ય જાણે અને સ્વીકારે. એમ કરવાથી વિદ્વાનોમાં આ દીક્ષાકુંડલીને અંગે જે શંકા કે વિસંવાદ છે; તે હંમેશને માટે દૂર થઈ જશી.

૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દશ આશ્ચર્યો

લેખક : પ્રો. શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા, એમ. એ.

આ દુનિયા અજાયબીઓનો ભંડાર છે.[1] સામાન્ય મનુષ્યને જેની કલ્પના પણ ન આવી શકે એવા બનાવો કેટલીક વાર બને છે. એને 'આશ્ચર્ય' તરીકે ઓળખાવાય છે. 'આશ્ચર્ય' માટે પાઈયમાં 'અચ્છેરગ' શબ્દ વપરાય છે. આપણા આ દેશમાં આ ચાલુ 'હુંડા' અવસર્પિણી કાળમાં દશ આશ્ચર્યો ઉદ્ભવ્યાં છે એમ **ઠાણ** નામના જૈન આગમમાં ત્રીજા અંગમાં એના દશમા ઠાણ (સ્થાનક)માં સુત્ત ૭૭૭ માં ઉલ્લેખ છે. આ સુત્ત નીચે મુજબ છે:—

"दस अच्छेरगा पन्नत्ता, तं जहा—

उवसग्ग १ गब्भहरणं २ इत्थीतित्थं ३ अभाविया परिसा ४ ।

कण्हस्स अवरकंका ५ उत्तरणं चंदसूराणं ६ ॥१॥

हरिवंसकुलुप्पत्ती ७ चमरुप्पातो ८ त अट्ठसयसिद्धा ९ ।

अस्संजतेसु पूआ १० दस वि अणंतेण कालेण ॥२॥"

જે ઘટના, ભાગ્યે જ બને—સામાન્ય પરિસ્થિતિમાં ન જ બને તે 'વિરલ' ગણાય અને એવી ઘટના ઘણા લાંબા સમયે ક્વચિત્ બનતી હોવાથી એ અનંતકાળે બની એવો સ્થૂલ ઉલ્લેખ થઈ શકે.

ઉપર્યુક્ત આગમ ઉપર નવાંગવૃત્તિકાર **અભયદેવસૂરિ**ની વિ. સં. ૧૧૨૦ માં રચાયેલ ટીકા છે અને એ પ્રકાશિત પણ છે; પરંતુ આ પૂર્વે આ આગમને અંગે કોઈ વિવરણ રચાયું હોય તો પણ તે હજી સુધી તો મળી આવ્યું નથી.

ઉપર્યુક્ત બે પદ્યો 'સમભાવવાળી' હરિભદ્રસૂરિએ **પંચવત્થુગ**માં ૯૨૬ મી અને ૯૨૭મી ગાથારૂપે રજૂ કર્યાં છે અને એના ઉપરની **શિષ્યહિતા** નામની સ્વોપજ્ઞ ટીકા (પત્ર ૧૪૧ આ)માં સંક્ષિપ્ત સ્પષ્ટીકરણ કર્યું છે.

નેમિચન્દ્રસૂરિએ પવયણસારુદ્ધાર (દ્વાર ૧૩૮)માં આ બે પદ્યો ૮૮૫ મી અને ૮૮૬ મી ગાથારૂપે રજૂ કર્યાં છે. આ ગ્રંથ ઉપર **સિદ્ધસેનસૂરિ**એ વિ. સં. ૧૨૪૮માં વૃત્તિ રચી છે. એના પત્ર ૨૫૬ આ.–૨૬૧ અ. માં આ બે ગાથા ઉપર વિસ્તારથી વિવેચન છે. એ **અભયદેવસૂરિ**ની ટીકાગત લખાણ સાથે સરખાવતાં શબ્દ-સામ્ય અમુક અંશે જોવાય છે અને એ ઉપરથી આ લખાણનો **સિદ્ધસેનસૂરિ**એ ઉપયોગ કર્યો હોય એમ લાગે છે.

ધર્મઘોષસૂરિના શિષ્ય અને **વિક્રમની ચૌદમી સદીમાં થઈ** ગયેલા **પ્રદ્યુમ્નસૂરિ**એ રચેલા **વિયારસારપયરણ**માં આ બે પદ્યો ૪૬૪મી અને ૪૬૫મી ગાથારૂપે જોવાય છે.

---

૧. કેટલાક બાર અજાયબી ગણાવે છે, પણ બારસો કરતાંયે વધારેનો ઉલ્લેખ થઈ શકે તેમ છે. જુઓ "સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય" તરફથી પ્રકાશિત **વિશ્વની વિચિત્રતાઓ**. આના સંગ્રાહક **શ્રી. છોટાલાલ** માનસિંગ કામદાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પજ્જોસણાકપ્પની કેટલીક ટીકાઓમાં આ બે પદ્યો અપાયાં છે અને એનું વિવેચન પણ કરાયું છે. દા. ત. વિનયવિજયગણિએ વિ. સં. ૧૬૯૬ માં રચેલી **સુબોધિકા** (પત્ર ૨૩ આ.–૨૬ અ.; દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી ઈ. સ. ૧૯૨૩માં પ્રકાશિત આવૃત્તિ.).

આ પ્રમાણેનાં વિવિધ સાધનોમાં હારિભદ્રીય ટીકા સૌથી પ્રાચીન છે, એટલે એમાં દર્શાવાયેલી બાબતો હું સૌથી પ્રથમ રજૂ કરું છું:—

(૧) અંતિમ તીર્થંકર (**મહાવીરસ્વામી**)ના ઉપસર્ગો, (૨) એમનું જ (ગર્ભ–) સંક્રામણ; (૩) **મલ્લિનાથ**ના તીર્થરૂપ સ્ત્રીતીર્થ, (૪) **મહાવીરસ્વામી**ની અભવ્યપર્ષદા, (૫) **કૃષ્ણ**નું અપરકંકામાં ગમન, (૬) **મહાવીરસ્વામી**ના સમવસરણમાં (મૂળ) વિમાનો સહિત ચંદ્ર અને સૂર્યનું અવતરણ, (૭) યુગલના અપહરણ દ્વારા 'હરિવંશ'કુળની ઉત્પત્તિ, (૮) 'સૌધર્મ' માં ગમનરૂપ **ચમર**નો ઉત્પાત, (૯) એક સમયમાં ૧૦૮ નું મોક્ષગમન, અને (૧૦) [1]ધિગ્વર્ણ વગેરે અસંયત જનોની પૂજા. આ દશે ભાવ અનંતકાળે બને છે.

આ પૂર્વે આ ટીકામાં નીચે મુજબની મતલબનો ઉલ્લેખ છે:—

અહીં **મરુદેવી**ના ચરિતનો ઉલ્લેખ નથી, પણ તે સમજી લેવાનો છે; કેમકે ઉપર્યુક્ત દશ આશ્ચર્યો તો ઉપલક્ષણરૂપ છે.

સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી વનસ્પતિકાયમાં ઉત્પન્ન થઈ અને ત્યાંથી મનુષ્ય થઈ **મરુદેવી** મોક્ષે ગયાં એ પણ એક આશ્ચર્ય છે, કેમકે આવી ઘટના નિરંતર બનતી નથી, પણ અનંતકાળે બને છે અને મેં (**હરિભદ્રસૂરિએ**) એને (ગા. ૯૨૫ માં) આશ્ચર્યરૂપ કહી જ છે. **મરુદેવી** વનસ્પતિકાયમાંથી નીકળી અન્ય ત્રસ–કાય તરીકે ન ઉત્પન્ન થતાં—વિવિધ ભવો ન કરતાં, મનુષ્ય તરીકે ઉત્પન્ન થઈ મોક્ષે ગયાં એ વાત શાસ્ત્રમાં કહેલી છે.

દશ આશ્ચર્યો ઉપર પ્રકાશ પાડનારું અને ઉપર્યુક્ત હારિભદ્રીય ટીકા પછીનું મહત્ત્વનું સાધન **અભયદેવસૂરિ**કૃત ઠાણની ટીકા છે એટલે એના પ્રસ્તુત ભાગનો ગુજરાતી છાયાનુવાદ હું આપું છું:—

'આશ્ચર્ય' શબ્દની સિદ્ધિ—"**आ विस्मयतश्चर्यन्ते–अवगम्यन्ते इत्याश्चर्याणि। इह च सकारः कारस्करादित्वादिति।**" આમ અહીં 'આશ્ચર્ય' એટલે વિસ્મયપૂર્વક જે જાણી શકાય તે એમ કહ્યું છે.

(૧) **ઉપસર્ગ**—પ્રાણીને જે ધર્મ વગેરેમાં ચલિત કરે–ક્ષોભ પમાડે તે 'ઉપસર્ગ' કહેવાય છે. આ ઉપસર્ગ દેવો, તિર્યંચો તેમ જ મનુષ્ય તરફથી કરાય છે. આવા ત્રિવિધ ઉપસર્ગો શ્રમણ ભગવાન **મહાવીરસ્વામી**ને એમના છદ્મસ્થ–કાળમાં તેમજ કેવલિ–કાળમાં થયા. આવું ખરેખર પહેલાં બન્યું ન હતું, કેમકે તીર્થંકરો તો અનુપમ પુણ્યના સંભારવાળા હોવાથી એમને ઉપસર્ગ થાય નહિ. એઓ તો સર્વ મનુષ્યો, દેવો અને તિર્યંચોને હાથે સન્માન પામે. તેમ છતાં આવી વિસ્મયકારી—અદ્ભુત ઘટના **મહાવીરસ્વામી**ને અંગે બની એથી એની દશ આશ્ચર્યમાં ગણના કરાઈ છે.

---

૧. બ્રાહ્મણ. પાઇયમાં 'ધિજ્જાઈ' શબ્દ છે. એનાં 'દ્વિજાતિ' અને 'ધિગ્જાતિ' એમ બે સંસ્કૃત રૂપાંતરો **પાઇય સદ્દમહણ્ણવ** (પૃ. ૬૦૨)માં અપાયાં છે. એવી રીતે આ કોશમાં ધિજ્જાઇય' અને 'ધિજ્જાઈય' માટે પણ બબ્બે રૂપાંતરો—'દ્વિજાતિ' અને 'ધિગ્જાતીય' અપાયાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહીં એ ઉમેરીશ કે મહાવીરસ્વામીને, છદ્મસ્થ-કાળમાં ગોવાળ, શૂલપાણિ યક્ષ વગેરે તેમજ સર્પ વગેરે દ્વારા ઉપસર્ગો થયા હતા. એમના કેવલિ-જીવન દરમ્યાન ગોશાલકે એમના ઉપર તેજોલેસ્યા મૂકી એ મનુષ્યકૃત ઉપસર્ગ છે. પ્રસ્તુત ટીકામાં દેવ અને તિર્યંચ દ્વારા પણ એમને સર્વજ્ઞદશામાં ઉપસર્ગ થયો[1] એમ સૂચવાયું હોય એમ લાગે છે. જો તેમજ હોય તો એ ઉપસર્ગ કોણે ક્યારે કર્યા તે જાણવું બાકી રહે છે.

ગોશાલકે મહાવીરસ્વામીને કેવલિ-દશામાં, ઉપસર્ગ કર્યાની વાત દિગંબરોને માન્ય નથી. એમના સાહિત્યમાં ગોશાલક વિષે કશો જ ઉલ્લેખ હજી સુધી તો મળી આવ્યો નથી; બાકી બૌદ્ધ સાહિત્યમાં તો ગોશાલક સંબંધી થોડોક નિર્દેશ તો છે જ.

(૨) **ગર્ભહરણ**—આનો અર્થ **અભયદેવસૂરિએ** નીચે મુજબ દર્શાવ્યો છે:—ઉદરમાં રહેલા જીવનું અન્ય ઉદરમાં સંક્રામણ તે 'ગર્ભ-હરણ' છે. આને અંગે એમણે પત્ર ૫૨૩ આ.માં કહ્યું છે કે આ પણ તીર્થંકરની અપેક્ષાએ અભૂતપૂર્વ છે. અર્થાત્ આવું પહેલાં બન્યું નથી. એ ભગવાન **મહાવીરને** અંગે બન્યું. ઇન્દ્રની આજ્ઞાથી **હરિણેગમેષી** દેવે **દેવાનંદા** નામની બ્રાહ્મણીના ઉદરમાંથી **મહાવીરસ્વામીના** જીવને **ત્રિશલા** નામની રાણીના ઉદરમાં સંક્રમાવ્યો. આ પણ અનંતકાળે થનારું હોવાથી આશ્ચર્ય જ છે.

અહીં એ ઉમેરીશ કે ગર્ભ-હરણની ઘટનાનો ઉલ્લેખ **આયાર** (સુય. ૨, અ. ૧૫, સુત્ત ૩૯૯)માં **પજ્જોસવણાકપ્પ** (સુત્ત ૨૦)માં તેમજ **આવસ્સયના** ભાસ (ગા. [2]૫૧-[3]૫૩)માં છે, પરંતુ દિગંબરો આ ઘટના માનતા નથી. **વિવાહપણ્ણત્તિ** (સ૦ ૫, ઉ. ૩૩, સુત્ત ૩૮૧-૩૮૨)માં દેવાનંદાનો અધિકાર છે.

(૩) **સ્ત્રી-તીર્થ**—તીર્થંકર તરીકે સ્ત્રી ઉત્પન્ન થાય અને તેને હાથે તીર્થ સ્થપાય તેને 'સ્ત્રી તીર્થ' કહે છે. સામાન્ય રીતે પુરુષ તીર્થંકર જ આ કાર્ય કરે છે, પરંતુ આ અવસર્પિણીમાં આપણા આ દેશમાં 'મિથિલા' નગરીના રાજા કુંભકની પુત્રી નામે **મલ્લિએ** ઓગણીસમા તીર્થંકર બની તીર્થ પ્રવર્તાવ્યું. આવી ઘટના અનંતકાળે બને-ભાગ્યે જ બને તેવી હોવાથી એ પણ આશ્ચર્ય ગણાય[4] છે. દિગંબરોને આ ઘટના પણ માન્ય નથી.

(૪) **અભવ્ય પર્ષદા**—આ સંબંધમાં **અભયદેવસૂરિએ** નીચે પ્રમાણેનું સ્પષ્ટીકરણ પત્ર ૫૨૪ અ.માં કર્યું છે:—

અભવ્ય એટલે ચારિત્રધર્મ માટે અયોગ્ય પર્ષદ્(દા) એટલે તીર્થંકરના **સમવસરણમાંના** શ્રોતૃજનો (સાંભળનારાં) એમ સંભળાય છે કે 'જૃંભિકાગ્રામ' નગરની બહાર ભગવાન **વર્ધમાન** સર્વજ્ઞ બન્યા ત્યાર પછી એકત્રિત થયેલા ચાર પ્રકારના દેવોએ એમનું **સમવસરણ** રચ્યું. તેમ થતાં, ભક્તિથી અને કુતૂહલથી આકર્ષાઈને અનેક મનુષ્યો, દેવો અને વિશિષ્ટ તિર્યંચો ત્યાં આવ્યાં. તે વેળા કલ્પ પાળવાની ખાતર જ, તિર્યંચાદિકને પોતપોતાની ભાષામાં પરિણમનારા અને અતિશય મનોહર એવા મહાધ્વનિ વડે ધર્મકથા (દેશના) થઈ. પરંતુ

---

૧. **પવયણસારુદ્ધારની** વૃત્તિ (પત્ર ૨૫૬ આ.)માં પણ આ જાતનો ઉલ્લેખ છે.

૨-૩. જુઓ હારિભદ્રીય ટીકાવાળી આવૃત્તિ (પત્ર ૧૭૬ અ૦).

૪. **સુબોધિકા** (પત્ર ૨૪ આ.)ના ટિપ્પણમાં આગમોદ્ધારકે કહ્યું છે કે **મલ્લિનાથ** તીર્થંકર બન્યાં એ આશ્ચર્ય હોવાથી એમની પ્રતિમા વગેરે સ્ત્રીરૂપે કરાતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઈએ વિરતિ (દીક્ષા) અંગીકાર ન કરી.[૧] આવું પહેલાના કોઈ તીર્થંકરને અંગે બન્યું ન ન હતું. એથી આ આશ્ચર્ય ગણાય છે.

અહીં એ ઉમેરીશ કે **આયાર** (સુય ૨, અ. ૧૫, સુત્ત ૪૦૨; પત્ર ૩૯૨ આ) પ્રમાણે તો કેવળ દેવો જ પ્રથમ દેશના વખતે હાજર હતા એટલે એ દેવો અવિરત હોઈ કોઈની દીક્ષા થઈ નહિ. આ પ્રમાણેની હકીકત **આયાર**માં હોવા છતાં[૨] **અભયદેવસૂરિ**એ આ દેશના વેળા મનુષ્યો પણ હતા એમ જે કહ્યું છે તે એમની સામે કોઈ અન્ય પરંપરા હશે એમ સૂચવે છે.

દિગંબરોના મતે **મહાવીરસ્વામી**એ સર્વજ્ઞ થતાંવેંત દેશના આપી નથી. પરંતુ ૬૬ દિવસ બાદ જ તેમ કર્યું છે અને એ દેશના તો નિષ્ફળ–ખાલી ગઈ નથી.

શ્વેતાંબરોની પેઠે દિગંબરો પણ એમ માનતા હોય કે તીર્થંકર સર્વજ્ઞ બને કે તરત જ એમણે દેશના આપવી જોઈએ તો ઉપર્યુક્ત દિગંબરીય માન્યતા વિચારતાં એમને માટે પણ અભવ્ય પરિષદ્ જેવી ઘટના **મહાવીરસ્વામી**ની દિવ્યધ્વનિ સમજી–સમજાવી શકે એવી વ્યક્તિ મળતાં જે ૬૬ દિવસો નીકળી ગયા એ ઘટના આશ્ચર્યરૂપ ગણાય અને એ હિસાબે અત્યાર સુધી મેં જે ચાર આશ્ચર્યો ગણાવ્યાં છે તેમાંનું અંતિમ આશ્ચર્ય તો કંઈક રૂપાંતરથી દિગંબરોને પણ માન્ય છે એમ કહેવાય.

(૫) કૃષ્ણનું અપરકંકામાં ગમન—આને અંગે **અભયદેવસૂરિ**એ પત્ર ૫૨૪ અ.માં નીચે મુજબનું વક્તવ્ય રજૂ કર્યું છે:—

કૃષ્ણ એટલે નવમા વાસુદેવ 'અવ(પ)રકંકા' એ રાજધાનીનું નામ છે. એમ સાંભળવામાં આવ્યું છે કે **પાંડવો**ની પત્ની **દ્રૌપદી**નું અપહરણ, દેવની મદદથી, 'ધાતકી' ખંડમાંના 'ભરત' ક્ષેત્રની 'અપરકંકા' રાજધાનીના નિવાસી **પદ્મરાજે** કર્યું. 'દ્વારકા'માં રહેનારા **કૃષ્ણ** વાસુદેવે **નારદ**ની પાસેથી આ વૃત્તાંત જાણ્યો અને એમણે 'લવણ' સમુદ્રના અધિપતિ **સુસ્થિત** દેવની આરાધના કરી. પછી એમણે પાંચે પાંડવોની સાથે બે લાખ યોજન જેવડા સમુદ્રને વટાવીને **પદ્મરાજ**ને યુદ્ધમાં જીતી **દ્રૌપદી**ને પાછી મેળવી. તે વેળા ત્યાં કપિલ વાસુદેવે (એ ક્ષેત્રમાંના) **મુનિસુવ્રત** તીર્થંકર પાસેથી **કૃષ્ણ** વાસુદેવના આગમનના સમાચાર જાણ્યા અને એ વાસુદેવ **કૃષ્ણ**ના માનપૂર્વક દર્શન કરવા આવ્યા. એ વખતે **કૃષ્ણ** સમુદ્રનું ઉલ્લંઘન કરી રહ્યા હતા. તેથી કપિલે 'પાંચજન્ય' શંખ ફૂંક્યો. **કૃષ્ણે** પણ તેમ જ કર્યું. એથી શંખોના પરસ્પર શબ્દ (અવાજ) સંભળાયા.

અહીં એ ઉમેરીશ કે આ ઘટના **નાયાધમ્મકહા** (સુય. ૧, અ. ૧૬, સુત્ત ૧૨૪) માં વર્ણવાઈ છે. વાસુદેવ **કૃષ્ણ**નું ઇતર ખંડમાં ગમન એ આશ્ચર્યનો વિષય છે.

(૬) ચન્દ્ર અને સૂર્યનું અવતરણ—આ સંબંધમાં પત્ર ૫૨૪ અ.માં **અભયદેવ-સૂરિ**એ કહ્યું છે કે ભગવાન **મહાવીર**ને વંદન કરવા માટે, આકાશમાંથી ચન્દ્ર અને સૂર્ય એમના શાશ્વત વિમાન સહિત, સમવસરણની ભૂમિમાં ઊતરી આવ્યા એ આશ્ચર્ય છે.

આ ઘટનાને અંગે **સ્થાનાંગ—સમવાયાંગ**ના ટિપ્પણમાં પૃ. ૮૯૫માં નીચે મુજબ ઉલ્લેખ છે:—

---

૧. જુઓ **આવસ્સયની** નિજ્જુત્તિ (ગા. ૫૩૯)ની હારિભદ્રીય ટીકા (પત્ર ૨૨૯ અ)

૨. **સિદ્ધસેનસૂરિ**એ પણ આમ કહ્યું છે. જુઓ પત્ર ૨૫૭ અ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"ભગવાનની છદ્મસ્થાવસ્થામાં ચંદ્ર અને સૂર્ય બન્ને પોતાના વિમાન સાથે આવ્યા અને દર્શન કર્યાં, એ પણ એક આશ્ચર્ય ઘટના બની છે. આ ઘટના કોશાંબીમાં બની હતી. આવશ્યક નિર્યુક્તિ ગા. ૧૧૬."

અહીં જે છદ્મસ્થાવસ્થાનો ઉલ્લેખ છે તે ભ્રાંત છે, કેમકે **હ**રિભદ્રસૂરિએ તેમજ **અ**ભયદેવસૂરિએ પણ સમવસરણની ભૂમિમાં આ ઘટના બન્યાનું કહ્યું છે અને સમવસરણની રચના તો તીર્થંકર સર્વજ્ઞ બન્યા બાદ જ થાય છે. મને એમ લાગે છે કે **મ**હાવીરસ્વામીની છદ્મસ્થાવસ્થામાં પણ ચન્દ્ર અને સૂર્યનું 'કોશાંબી'માં જે આગમન થયું હતું—એમના અગિયારમા ચાતુર્માસમાં જે ઘટના એમના ૨૩મા ચાતુર્માસ બાદ એટલે કે કેવલિ—જીવનના ૧૧મા વર્ષમાં વિક્રમ સંવતથી ૪૮૯—૪૮૮ વર્ષ પૂર્વે બનેલી ઘટના સાથે કેટલીક બાબતમાં સમાનતા ધરાવતી હોવાથી આ ભૂલ થઈ હશે.

શ્રી. ગોપાલદાસ પટેલે [1]**શ્રી મહાવીર કથા** (પૃ. ૩૬૦)માં આ ઘટનાને કેવલિ—જીવન દરમ્યાનની જ ઘટના તરીકે ઓળખાવી છે, અને એ જ સાચી બીના છે.

ચંદ્ર અને સૂર્ય કોઈક વેળા કોઈ કારણસર આ પૃથ્વી ઉપર ઉત્તર[2] વૈક્રિય વિમાન દ્વારા આવે એમાં એ દેવો—ઇન્દ્રો હોવાથી આશ્ચર્ય જેવું નથી. પરંતુ એઓ આકાશમાં ફરતા દેખાતાં એવાં અને શાશ્વત ગણાતાં એવાં વિમાનોનો મૂળ વિમાનોનો એ માટે ઉપયોગ કરે એ નવાઇ જેવી વાત છે.

દિવસને છેલ્લા પહોરે આ બે વિમાનો કૌશાંબીમાં નીચે આવતાં એનાથી દૂરના પ્રદેશમાં અચાનક અંધકાર છવાઈ રહ્યો હશે. આવો કોઈ બનાવ આજથી લગભગ ૨૫૦૦ વર્ષ ઉપર બન્યાની વાત કોઈ ખગોળશાસ્ત્રીએ વિચારી છે ખરી? કોઈ પ્રાચીન કે આધુનિક ખગોળ-શાસ્ત્રમાં આ જાતનો—આવો અનુમાન કરાવે તેવો નિર્દેશ છે? [ચાલુ]

[અનુસંધાન પૃષ્ઠ : ૪૪ થી ચાલુ]

કર્મોનો ક્ષયોપશમ, ક્ષય કે ઉપશમ ભવિતવ્યતાને આધીન નથી. કર્મનું બંધાવું તથા ઉદય તે કદાચ ભવિતવ્યતાને આધીન થઈ જાય પણ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ રત્નત્રયીની આરાધના, સંવર–નિર્જરાનું પોષણ, આશ્રવ–બંધનું શોષણ–આ તમામની ભવિતવ્યતા કરવાની નથી. ત્યાં તો આત્માએ પોતે પ્રયત્ન આદરવો પડશે. પ્રથમ કહેવાઈ ગયું છે કે ભવિતવ્યતાનું જોર યથાપ્રવૃત્તિકરણ સુધી છે, અપૂર્વકરણમાં તો આત્માનો પુરુષાર્થ છે. દેશવિરતિ, સર્વ-વિરતિ, ઉપશમશ્રેણી, ક્ષપકશ્રેણી યાવત્ મોક્ષગમન સર્વત્ર આત્માનો પુરુષાર્થ પ્રવર્ત્તમાન છે. જો એકલી ભવિતવ્યતા ભાગ્યવિધાતા હોત તો તો મોક્ષ સુધી યથાપ્રવૃત્તિકરણ હોત પણ તેમ નથી. ગ્રંથિભેદ પછી આત્માને વીર્યોલ્લાસ જોઈએ માટે આત્મકલ્યાણના સાધન તરીકે જે ભવિતવ્યતાને માને અને તેથી ઉદ્યમને દબાવી દે તો તે મિથ્યાત્વી જ છે. (ચાલુ)

---

૧. આના પૃ. ૨૦૯ ઉપરના ટિપ્પણમાં દશ આશ્ચર્યો પૈકી **મ**હાવીરસ્વામીના જીવનને લગતાં પાંચ આશ્ચર્યો વિષે સંક્ષિપ્ત નોંધ છે.

૨. જુઓ **પવયણસારુદ્ધાર**ની સિદ્ધસેનીય વૃત્તિ (પત્ર ૨૫૬ આ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મ મીમાંસા

[લેખાંક–નવમો]

લેખક : **માસ્તર ખુબચંદ કેશવલાલ,** સીરોહી (રાજસ્થાન)

ઉદ્વર્તન–અપવર્તન–સંક્રમણ–ઉદીરણા અને નિર્જરાનું સ્વરૂપ તે આત્માને પુરુષાર્થ પ્રેરક છે. શ્રી જૈન દર્શન કાર્યસિદ્ધિમાં પાંચ કારણોને માને છે તેમાં મુખ્યતા પુરુષાર્થની છે. શ્રી મહાવીરદેવે ફરમાવ્યું છે કે ભવિતવ્યતા, સ્વભાવ, નિયતિ, કાલ અને પુરુષાર્થ એ કાર્યસિદ્ધિનાં પાંચ કારણોમાં મુખ્ય પુરુષાર્થ છે. દરેક પોતપોતાનું કાર્ય કરનારા છે. કાલ, સ્વભાવ કોઈનો કર્યાં થતા નથી પણ જીવ કરી શકે તો તે ઉદ્યમ છે. માટે શ્રી મહાવીર ભગવાને સ્થલે સ્થલે કહ્યું છે કે:—

જે જીવ પુરુષાર્થવાળો છે તે જ છેલ્લા પુદ્ગલપરાવર્ત સંસારવાળો સમજવો. કર્મ જબરજસ્ત ચીજ છે, તેના ઉપર કાબૂ મેળવવો તે પુરુષાર્થ વિના શક્ય નથી. કોઈ સ્થળે કાલ, સ્વભાવ કે ભવિતવ્યતાને અંગે વિધાન નથી. વિધાન ફક્ત ઉદ્યમને અંગે છે. કર્મનો ક્ષય, ઉપશમ તથા ક્ષયોપશમ એ ત્રણ સાધ્ય છે. એ ત્રણનું નામ જ ધર્મ છે. આત્માના ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષયભાવે થતો આત્માનો ગુણ તેનું નામ ધર્મ છે. પારિણામિક કે ઔદયિકનું નામ ધર્મ નથી.

આ ત્રણે ભાવો આત્માનું વીર્ય ફોરવાય ત્યારે બને છે. આત્મામાં અનંત વીર્ય રહેલું છે પરંતુ ઘર્ષણ વિના ઉદ્દ્યોત થતો નથી. ઘર્ષણમાં રહેલો અગ્નિ ઘર્ષણથી પ્રગટે છે. આત્મામાં અનંત શક્તિ–વીર્ય હોવા છતાં ક્ષયોપશમનું ઘર્ષણ ન થાય, તે ભાવોનો સંબંધ ન થાય ત્યાં સુધી વીર્ય પોતાનું કામ કરી શકે નહીં.

જે આત્મા પોતાની જવાબદારી અને જોખમદારી ઉપર મજબૂત રહે, સ્વીકારે, તે જ મોક્ષને માટે લાયક બની શકે છે. જે આત્મા જવાબદારી, જોખમદારી સુદૃઢપણે સ્વીકારે છે, તે કર્મને પોતાથી વધારે સમર્થ માનતો નથી : કર્મથી વધારે સમર્થ પોતાને (આત્માને) અર્થાત્ પોતાના (આત્મીય) ઉદ્યમને માને છે.

શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે: "જેઓ કર્મવાદી છે (કર્મ આત્માથી વધારે સમર્થ છે એમ માનનારા છે) તેમનો સંસાર એક પુદ્ગલપરાવર્ત્ત કરતાં વધારે હોય છે અને જેઓ પુરુષાર્થવાદી છે તેમનો સંસાર એક પુદ્ગલપરાવર્ત્ત કરતાં પણ ઓછો હોય છે."

પુરુષાર્થવાદી કદી પણ "કર્મ કરે તે ખરું, ભાગ્યમાં હશે તે બનશે, ભાવિભાવ, જેવો ઉદય, અંતરાય ઉદયમાં હશે તે બનશે. ઉદ્વર્તન, અપવર્ત્તન, સંક્રમણ, ઉદીરણા, નિર્જરા આ બધું ભાવિને આધીન છે વગેરે નિર્માલ્ય વચનો બોલે જ નહિ. તીર્થંકરો જન્મથી ત્રણ જ્ઞાન સહિત હોવાથી તેઓ જાણે છે કે પોતે તદ્દભવે જ મોક્ષગામી છે છતાં કર્મક્ષયનો પુરુષાર્થ આદરે છે. ભાવિ મોક્ષપ્રાપ્તિનું છે એમ માની બેસી રહેતા નથી. પુરુષાર્થ વિના સિદ્ધિ નથી. વ્યવહારમાં પણ જુઓ! પ્રયત્ન વિના પ્રાપ્તિ નથી. સમ્યક્ત્વ પામીએ તે વખતે પામતા પહેલાંના સમયે તો મિથ્યાત્વ હોય છે. અનંતાનુબંધી કષાયોને તોડાય ત્યારે તે મિથ્યાત્વ જાય છે અને સમ્યક્ત્વ પમાય છે, કેવલજ્ઞાન પણ જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોને તોડીને (ક્ષય કરીને) મેળવાય છે. મોક્ષ મેળવવા માટે પણ અવશેષ કર્મોનો ક્ષય કરવો પડે છે. પ્રયત્ન વિના કદી પ્રગતિ નથી. જૈનશાસ્ત્રનું એ જ વિધાન છે. જીવને પોતાના નિબિડ દુષ્કર્મથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્પન્ન થયેલ, લાંબા કાળની ઊગેલ વાંસની ગુપ્ત ગાંઠ જેવી કઠોર, દુઃખે કરીને ભેદી શકાય તેવી અને અત્યાર સુધી પૂર્વે કોઈ વખતે પણ નહિ ભેદેલી એવી રાગદ્વેષના નિબિડ પરિણામ રૂપી ગ્રંથિ છે. અનાદિકાળથી સંસારચક્રમાં પરિભ્રમણ કરનારો જીવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવાદિની સામગ્રીના અનુસારે ભવ્યત્વ દશાનો પરિપાક થવાથી એવા પ્રકારના શુભ અધ્યવસાયોને પ્રાપ્ત કરે છે કે—જે અધ્યવસાયો વડે આત્મસત્તામાં રહેલ દીર્ઘ સ્થિતિવાળાં કર્મો અલ્પસ્થિતિ વાળાં થઈ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ વડે ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ-વાળાં થાય છે. આ અધ્યવસાયોના સમૂહ વિશેષનું નામ **યથાપ્રવૃત્તિ** કરણ કહેવાય છે. એ રીતે નિકટ મોક્ષગામી કોઈ ભવ્ય જીવ દીર્ઘસ્થિતિનો નાશ અને અલ્પસ્થિતિનો બંધ કરવા રૂપ યથાપ્રવૃત્તિ કરણવડે ગ્રંથિસ્થાનની સન્મુખ આવે છે. અભવ્ય જીવો પણ **યથાપ્રવૃત્તિ** કરણ વડે કર્મસ્થિતિની લઘુતા કરી રાગદ્વેષની ચિકાશરૂપી નિબિડ ગ્રંથિના સન્મુખ અનંતી-વાર આવે છે. પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિ તો ગ્રંથિભેદ કરવાથી જ થાય છે. ગ્રંથિભેદ કરનાર અધ્યવસાયોના સમૂહનું નામ **અપૂર્વકરણ** છે. આ ગ્રંથિનો ભેદ કરવો તે અપૂર્વકરણનું ફલ છે. **યથાપ્રવૃત્તિ** કરણ એ ભવિતવ્યતાના યોગે થાય છે, પરંતુ ત્યારબાદ **અપૂર્વકરણ** કરવામાં પ્રયત્ન વિના ચાલે તેમ નથી. અપૂર્વકરણમાં અનંતાનુબંધીનો ભેદ થાય છે. એ અનંતાનુબંધીનો ભેદ ભવિતવ્યતાએ થતો નથી. તે ભેદ તો અપૂર્વકરણદ્વારા—અત્યંત વીર્યો-લ્લાસરૂપ અપૂર્વ પ્રયત્ન થાય ત્યારે જ બને છે. દેવ—ગુરુ અને ધર્મના સંયોગ છતાં પોતાના પ્રયત્ન (પુરુષાર્થ) વિના પરમાર્થ સાધી શકાય તેમ નથી. ચોથા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધી, અરે છેલ્લે મોક્ષે જવામાં પણ પુરુષાર્થની જરૂર છે. માટે સમજવું જરૂરી છે કે ભવિતવ્યતાનું કામ યથાપ્રવૃત્તિકરણ સુધી છેઃ પછી જેઓ પોતાનું જીવન ભવિતવ્ય-તાને જ ભળાવી બેસી રહે તેઓને મોક્ષ મળવાનો નથી અને તેઓ કામભોગના કાદવમાં વધારે ખૂંચવાના છે. કામભોગમાં ખૂંચનારાઓ જ માત્ર ભવિતવ્યતાના ભરોસે રહે છે. જૈનો ભવિતવ્યતાને નથી માનતા એમ નથીઃ માને છે પણ વાસ્તવિક રીતિએ માને છે. જૈનોની ભવિતવ્યતાની માન્યતાનો ઉપયોગ સમજવો ખાસ જરૂરી છે. જ્યારે આત્મા સંકલ્પ વિકલ્પથી આર્ત્તરૌદ્ર ધ્યાનમાં જાય છે, ત્યારે તેને બચાવવા ભવિતવ્યતાનો સહારો આપવાનું જૈન દર્શનમાં વિધાન છે. ભવિતવ્યતા (બનવાનું બને છે) તરફ ખેંચીને હેતુ તો તે આત્માને આર્ત્તરૌદ્ર ધ્યાનથી (તેનાથી થનાર કર્મબંધનથી—દુર્ગતિથી) બચાવવાનો છે. સમ્યક્દર્શનાદિ ધર્માનુષ્ઠાનમાં ભવિતવ્યતાને આગળ કરવાનું (ભવિતવ્યતાના બહાને ધર્મધ્યાનાદિથી પાછા હઠવાનું—તે નહિ કરવાનું) જૈનશાસનમાં વિધાન નથી. નિગોદના જીવો માટે ભવિતવ્યતાનો હવાલો અપાય કેમકે ત્યાં ઉપાય નથી. પણ શ્રીતીર્થંકર દેવનાં વચનામૃતો શ્રવણ કર્યા બાદ, પરિસ્થિતિ જાણ્યા બાદ પણ કર્મનું કાસળ કાઢવામાં આળસ ન રખાય; ત્યાં બનવાનું હશે તે બનશે એમ ભવિતવ્યતાનો ઉપદેશ નથી. ત્યાં તો પુરુષાર્થ ફોરવવાનો સતત ઉપદેશ છે કે સાધકે કાર્યસિદ્ધિ માટે પરાક્રમ ઉપર જ મુસ્તાક રહેવું પડશે. કર્મના ઉદય વખતે કર્મોને તોડવાની ખંત ધરાવ્યા વિના કર્મો તૂટતાં જ નથી. માટે સમજવું જોઈએ કે ભવિતવ્યતાની માન્યતા આર્ત્ત-રૌદ્રધ્યાનના પ્રસંગે સંકલ્પો વિકલ્પો રોકવા માટે છે પણ પ્રગતિના અંતરાય માટે નથી. જ્યાં સંવર-નિર્જરા માટે પ્રયત્નની જરૂર છે ત્યાં ભવિતવ્યતાના ભરોસે રહેવું એ ભૂલ છે.

[જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૪૨]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

क. सूरचंद्ररचित

स्थूलभद्रचरित्र प्रशस्ति ।

लेखक : श्रीयुत भंवरलालजी नाहटा

'जैन सत्य प्रकाश'के गत वर्षः १९ छठे अंकमें कविवर सूरचंद्रके 'पदैकविंशति ग्रंथ'का परिचय देते हुए उनके 'स्थूलभद्र महाकाव्य'के अपूर्ण प्रति-उपलब्धिका भी उल्लेख किया गया था। इस लेखके अंतमें लिखा था कि—"संयोगकी बात है कि कवि सूरचंद्रकी तीनों महत्त्व-पूर्ण रचनाओंकी एक-एक प्रति ही और वह भी अपूर्ण प्राप्त है, अतः 'पंचतीर्थी श्लेषालंकार स्तव, स्थूलभद्र गुणमाला चरित्र' और प्रस्तुत ग्रंथकी भी पूर्ण प्रतियोंका पता लगाना आवश्यक है।"

हर्षकी बात है कि इसके बाद शीघ्र ही पं. अभयचंद्र भगवानदास गांधीसे मुझे सूचना मिली कि स्थूलभद्रचरित्रकी पूरी प्रेसकापी अन्य प्रतिसे कई वर्षों पूर्व प्रकाशनार्थ करवाई गई थी, वह उनके पास है। मैंने उन्हें ग्रंथकी अंतिम प्रशस्ति भेजनेके लिये लिखा तो उन्होंने कृपा करके मुझे भिजवा दी, जो इस लेखमें प्रकाशित की जा रही है। प्रशस्तिके अनुसार सं. १६८० में संग्रामपुर याने सांगानेरमें इसकी रचना महाराजा जयसिंहके राज्यकालमें हुई। इस ग्रंथका परिमाण ३०९५ श्लोकोंका है।

इस ग्रंथकी प्रति मुझे जो प्राप्त हुई थी वह भी प्रायः पूर्ण ही है, पर उसके पत्रांक १, २ और २९ से ३२ ये छ पत्र उस प्रतिमें गायब होनेसे वह त्रूटित और ग्रंथ रचनाकी प्रशस्ति भी उसमें लिखी हुई नहीं है। यह प्रति जोधपुरके केसरियानाथके खरतरगच्छके भंडारमें दाबड़ा नं. १३ पोथी नं. २७ पत्र सं. ३ से ३३ की है।

पं. अभयचंद्र गांधी द्वारा मुझे यह सूचना पाकर विशेष हर्ष हुआ कि आचार्य भक्ति-सूरिजी महाराज इस ग्रंथकी प्रेसकापीका अवलोकन कर रहे हैं। यथासंभव प्रकाशनकी व्यवस्था भी हो जायगी। पाठशुद्धिके लिये अन्य प्रतिकी आवश्यकता है। आशा है जिन्हें इस ग्रंथकी अन्य प्रतिका पता हो, सूचित करनेकी कृपा करेंगे। यह काव्य बहुत ही उत्तम और प्रकाशन योग्य है। छ ऋतुओंके वर्णन अलग-अलग किये गये हैं जो बहुत ही उत्तम हैं।

सूरचंद्रके पदैकविंशति और पंचतीर्थी श्लेषालंकार स्तवकी पूर्ण प्रतियोंकी सूचना भी जिनकी जानकारीमें हो, आशा है शीघ्र ही प्रकाशमें लायेंगे। कविके अन्य अज्ञात ग्रंथोंका भी जिन्हें पता हो सूचित करें।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

स्थूलिभद्र–गुणमालाचरित-महाकाव्यकी प्रशस्ति

यन्मे श्रीस्थूलभद्रस्य, गायतो गुणसंततिम् ।
योऽभूत् पुण्यभरस्तेन, सुखीभवन्त्वमी जनाः ॥ २९३ ॥

स्थूलभद्रं महर्षीन्द्रं, गायतामिष्टसिद्धयः ।
भवन्तु भविनां भूयो, भावभक्तिमतां सताम् ॥ २९४ ॥

पूर्णाष्ट-रस-चन्द्राब्दे (१६८०), पौषतृतीयिकादिने ।
पुष्यार्के पूर्णोऽयं ग्रंथो, मया देवगुरुस्मृतेः ॥ २९५ ॥

संग्रामनगरे तस्मिन्, जैनप्रासादसुन्दरे ।
काशीवत् कारा ये यत्र, गङ्गेव निर्मला नदी ॥ २९६ ॥

यत्र दानादिधर्माणां, भाति मूर्तिचतुष्टयी ।
चतुःप्रासादरूपेण, साक्षादक्षयसौख्यदा ॥ २९७ ॥

राज्ये श्री**जयसिंह**स्य, **मानसिंह**[स्य] संततेः ।
महाराजाधिराजाख्याश्रितः साहिशासनात् ॥ २९८ ॥

श्रीमत्पद्मप्रवेशस्य, प्रासादासादनादयम् ।
प्रबन्धो बन्धुरः पूर्णो, भवत्सङ्घममंगलः ॥ २९९ ॥

श्रीदेवगुरुसच्छ्लोकदयाधर्मप्रसादतः ।
सुखिनः सन्तु सर्वोपि, जीवलोकनिवासिनः ॥ ३०० ॥

मेरुसागरभूशेष**सूरचन्द्र**कुलाचलाः ।
यावत् जयन्त्यमी तावद्, ग्रंथोऽयं नंदताद् भुवि ॥ ३०१ ॥

एवं श्रीस्थूलभद्रस्य, चरित्रवर्ण्यवर्णके ।
सूरचंद्रस्मृतेः सप्तदशः पूर्णोऽधिकारकः ॥ ३०२ ॥

इति श्रीबृहद्**खरतर**गच्छे श्री**जिनराज**सूरिविजयिराज्ये श्री**सागरसूरि**यौवराज्ये वा. श्री**चारित्रोदयगणि**शिष्यश्रीमत्पाठकश्री**वीरकलश**गणिशिष्य वा. **सूरचन्द्र**विरचिते श्रीस्थूलभद्रस्य गुणमालानामनि चरिते वेश्याप्रतिबोधनश्राविकाकारणश्रोगुरुपादमूल–समागत-श्री स्थूलभद्रातिप्रशंसनातिरुष्टसिंहगुहावासिसाधुवेश्यावासवर्षावासागमनरत्नकम्बलानयनतत्प्रतिबोधनस्थूलभद्रस्वर्गमतगुणमालासमर्थनवर्गतो नाम **सप्त**दशोऽधिकारः सम्पूर्णः ।

तत्संपूर्णो हि संपूर्णमिदं श्रीस्थूलभद्रस्य गुणमालानामनि चरितं । तच्च वाच्यमानानन्ददायि समस्तु ॥ ग्रन्थाग्र. सर्वाक्षरसंख्यया ३०९५ श्लोकाः । श्रीरस्तु.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मड्डाहडगच्छकी कालिकाचार्यकथा-प्रशस्ति।

लेखक श्रीयुत अगरचंदजी नाहटा

मड्डाहडगच्छकी परम्पराके सम्बन्धमें अपनी जानकारी मैंने 'जैन सत्य प्रकाश' वर्ष २० अंक ५में प्रकाशित की थी। उसके अंतमें यह लिखा गया था कि 'खोज करने पर भी इस गच्छकी कोई प्रशस्ति व पुष्पिका लेख प्रकाशित हुआ, देखनेमें नहीं आया' पर उसके बाद अपने पिताश्रीकी स्मृतिमें स्थापित शंकरदान नाहटा कलाभवनमें प्रदर्शित प्रतियोंकी सूची बनानेका प्रसंग आया तो कालिकाचार्यकी सचित्र प्रतिके अंतमें मड्डाहडगच्छकी नव श्लोककी एक प्रशस्ति देखनेको मिली। पूर्व लेख लिखते समय इसका ध्यान ही नहीं आया था। इसलिये अब इसे प्रकाशित की जा रही है।

इस प्रशस्तिमें मड्डाहडगच्छके कमलप्रभसूरिके शिष्य वाचनाचार्य गुणकीर्तिको कल्पसूत्रके साथ इस कालिकाचार्य कथाको सिरोहीके श्रावक तिहुणा महणा द्वारा दिये जानेका उल्लेख है। तिहुणा महणाकी परंपरा बतलाते हुए उनको उपकेशवंशीय बहुरागोत्रीय सुश्रावक आभाक महिपालका वंशज बतलाया है। इन्होंने शत्रुंजय तीर्थकी संघ सहित यात्रा की थी। सिरोहीमें लक्ष भूपतिके राज्यमें इस प्रतिको तिहुणा महणाने भावपूर्वक गुरुको दी। प्रशस्तिमें समयका निर्देश नहीं किया गया, पर सिरोहीके इतिहासके पृष्ठ १५७के अनुसार महाराव लाखा संवत् १५०९में गद्दीनशीन हुये थे, ये बड़े वीर प्रकृति राजा थे, संवत् १५४०में परलोकवासी हुए। सिरोहीके लिए प्रशस्तिमें 'सितरोहीपुर' शुद्धरूप प्रयुक्त किया गया है। देशी नामोंको संस्कृतवाले इसी तरह मनमाने संशोधितरूप दिया करते है।

इस प्रशस्तिको प्रकाशित करने ही वाला था कि श्रीअचलमलजी मोदीका 'तीर्थ मडाहड' लेख 'जैन सत्यप्रकाश'में पढनेको मिला। उसमें सिरोहीके अनंतनाथ मंदिरमें इस गच्छके आचार्यने एक भद्रप्रासाद बनाया और श्री कमलप्रभसूरिने प्रतिष्ठा की, इस भाववाले शिलालेखका उल्लेख किया है, इससे मेरे संग्रहकी प्रकाशित की जानेवाली प्रशस्तिके कमलप्रभसूरि भिन्न नहीं है, अतः उस लेखकी नकल भी श्री मोदीसे प्राप्त कर इसके साथ ही प्रकाशित की जा रही है। प्रशस्तिमें कमलप्रभसूरिको हरिभद्रसूरिका पट्टधर लिखा है, साथ ही संवत् १५२०में आचार्य धनप्रभसूरिके साथ होनेका भी उल्लेख किया है। मोदीजीने इस गच्छके दो और लेख भेजे है, उन्हें भी साथ ही दे रहा हूं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

कालिकाचार्यकथा–प्रशस्ति।

विश्वावतंसे **उपकेश**वंशे, पुण्यैः पवित्रे **बहुरा**ख्यगोत्रे।
सुश्रावकौ धर्मधरावभूतां, **आभाक**नामा **महिपाल**कश्च ॥ १ ॥
जगत्प्रसिद्धो **महिपाल**पुत्रः, सुश्रावकोऽभूद् **दमयी**ति नाम्ना।
तस्याऽभवच्च**म्पलदे**विपत्नी, सौभाग्यभाग्यादिगुणैरुपेता ॥ २ ॥
तन्नन्दनाः पञ्च बभूवुरेते, सत्पुण्यभाजा धुरि **धर्मसिंहः**।
म्यूडाख्य**सांगा**भिध **ऊंदिरा**ख्यस्तेषां कनिष्ठो **बड्या**भिधानः ॥ ३ ॥
सांगाकपुत्राः सुगुणैः पवित्राः, **शृंगारदेवी**वरकुक्षिजाताः।
देवाभिधानो गुरुदेवभक्तः, सुतोऽद्वितीयोऽजनि **राउला**ख्यः ॥ ४ ॥
पुण्यैकपात्रं **तिहुणा**भिधानो, बुद्धया निधानं **महणा**कनामा।
सद्बान्धवा बन्धुजनप्रियास्ते, पृथ्व्यां पुमार्था इव मूर्तिमन्तः ॥ ५ ॥
महणाकभार्या शुचिशीलयुक्ता, **माणिक्यदे**वीसुतरत्नखाणिः।
हांसाक–हाजाऽभिध-**जीवराज-यशोधरा**वास्तनया गुणाढ्याः ॥ ६ ॥
मड्डाहडाधीश्वरसद्गुरूणां, सूरीश्वराणां **कमलप्रभाणां**।
तेषां च शिष्यो **गुणकीर्ति**नामा, स वाचनाचार्य इति प्रसिद्धः ॥ ७ ॥

सफलीकृतवित्ताभ्यां, श्री**शत्रुंजय**यात्रया।
संघाधिपाभ्यां भावेन, गुरूणां पुण्यहेतवे ॥ ८ ॥
तिहुणामहणाभ्यां च,प्रदत्तं कल्पपुस्तकम्।
श्री**लक्ष**भूपते राज्ये, **सितरोही**पुरे वरे ॥ ९ ॥

इति प्रशस्तिः।

श्रीअजितनाथजी महाराजके मंदिरमें श्रीचिंतामणिपार्श्वनाथ भगवानके गभारेमें मूलनायकजी परके लेखकी नकल ––

(१) सर्वधात परिकर सहित पंचतीर्थी–मूलनायक पार्श्वनाथ भगवान।

संवत् १५२० वर्षे अषाढ सुदी २ गुरुदिने श्रीबृहद्गच्छीयमडाहडीयअवटांक श्रीचक्रेश्वरसूरिसंताने हरिभद्रसूरिपट्टे भ. श्रीकमलप्रभसूरिभिः आ. श्रीधनप्रभसूरिप्रमुखपरिवारयुतैः श्रीपार्श्वनाथपंचतीर्थी कारापितं (ता), प्र. भ. श्रीकमलप्रभसूरिभिः चिरवन्दना॥ 'सिरोहीनगरे — दे. श्रीलखमणविजयि। श्रीअजितनाथप्रासादे श्रीकमलप्रभसूरिकारितः (ते) भद्रप्रासादे श्रीपार्श्वनाथमूलनायक' (यह लेख परिकरकी दोनों तरफके काउस्सग्गियोंके नीचेकी जगहमें है।)

[જુઓ ; અનુસંધાન ટાઈટલ ત્રીજું]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૧) પૂ૦ આ૦ શ્રીવિજયદર્શનસૂરીશ્વરજી મ૦ના સદ્દુપદેશથી શ્રીજૈન સંઘ. મહુવા (સૌરાષ્ટ્ર)
૨૧) પૂ૦ મુનિરાજ શ્રીભવ્યાનંદવિજયજી મ૦ના સદ્દુપદેશથી શ્રીતપાગચ્છ જૈન ઉપાશ્રય, પાલનપુર
૨૦) પૂ૦ પં૦ શ્રીસુમિત્રવિજયજી મ૦ના સદ્દુપદેશથી શ્રીશાહપુર મંગળપારેખના ખાંચાના જૈન શ્વે૦ સંઘ ઉપાશ્રય. અમદાવાદ
૧૫) પૂ૦ આ૦ શ્રીવિજયસમુદ્રસૂરીશ્વરજી મ૦ના સદ્દુપદેશથી શ્રીસાગર જૈન ઉપાશ્રય. પાટણ
૧૫) પૂ૦ આ૦ શ્રીરંગવિમલસૂરીશ્વરજી મ૦ના સદ્દુપદેશથી શ્રીજૈન સંઘ. લોદ્રા
૧૧) પૂ૦ મુનિરાજ શ્રીલબ્ધિસાગરજી મ૦ના સદ્દુપદેશથી શેઠ મીઠાભાઈ કલ્યાણચંદ્રની પેઢી. કપડવંજ
૧૧) પૂ૦ આ૦ શ્રીવિજયમેઘસૂરીશ્વરજી મ૦ના સદ્દુપદેશથી શ્રીલુણસાવાડા—મોટી પોળ જૈન સંઘ. અમદાવાદ
૧૦) પૂ૦ પં૦ શ્રીપ્રવીણવિજયજી મ૦ના અને પૂ૦ મુનિરાજ શ્રીમહિમાવિજયજી મ૦ના સદ્દુપદેશથી શેઠ અમૃતલાલ પદમશી. મલાડ
૫) પૂ૦ મુનિરાજ શ્રીચિદાનંદવિજયજી મ૦ના સદ્દુપદેશથી શ્રીજૈન સંઘ. ભરૂચ
૫) પૂ૦ પં૦ શ્રીચરણવિજયજી મ૦ના સદ્દુપદેશથી શ્રીજૈન સંઘ. સરિયદ
૫) પૂ૦ મુનિરાજ શ્રીરુચકવિજયજી મ૦ના સદ્દુપદેશથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી. લીંબડી (સૌરાષ્ટ્ર)
૫) પૂ૦ પં૦ શ્રીસુમતિવિજય મ૦ના સદ્દુપદેશથી શ્રીજૈન સંઘ. રંધોળા (સૌરાષ્ટ્ર)
૫) પૂ૦ પં૦ શ્રીદીપવિજયજી મ૦ના સદ્દુપદેશથી શ્રીજૈન સંઘ. મનફરા (કચ્છ)

[અનુસંધાન પૃષ્ઠ : ૪૮ થી ચાલુ]

(२) श्रीथुंबमें चौवीसीके ऊपर—

संवत् १४५३ वर्षे वैशाख सुदि २ शनौ प्राग्वाटज्ञातीय व्य. **वहंडाभार्या माल्हदे** सुतगेहाकेन भार्या·································पितृमातृश्रे. श्रीआदिनाथचतुर्विंशतिजिनपद(:) का. प्रति. मडाहड्डगच्छे श्रीमाणदेवसूरिपट्टे श्रीसोमचंदसूरिभिः रि(ऋ)द्धिवृद्धिर्भवतः ।

(३) **म्युजियममें—**

सं. १४५८ वर्षे फागुण वदि २ शुक्रवार प्रा. व्य. रामा भार्यारामादे पु० जैसाकेन पु० बिल्हू भा० जसमादेनिमित्तं बिंबं कारितं. प्र. मडाहडीय श्रीमुनिप्रभसूरिभिः ।

मड्डाहडगच्छकी परम्परा जो अभी विद्यमान है उसको देखते हुए उनकी विस्तृत पट्टावली भी मिलनी चाहिए । मैंने इसके लिये श्रीमोदीजीको लिखा है । मिलने पर प्रकाशित की जायगी । मोदीजीने सूचित किया है कि इस गच्छके आचार्योंका सिरोही राज्यसे भी अच्छा संबंध रहा है । राजाओंने उन्हें कुछ पट्टे परवाने भी दिये होंगे, उनको भी प्रकाशमें लाना चाहिए । उससे जैन इतिहासका गौरव बढ़ेगा । इस गच्छके महात्माओंके पास जैन जातियोंके इतिहासकी भी सामग्री है उसे प्रकाशमें लाना चाहिये ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

શ્રી જૈન સત્ય પ્રકાશ

અંગે સૂચના

યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને કાયમને માટે માસિક મોકલવામાં આવે છે.

વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય. જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only